
# પ્રાચીન સ્તવનાવલી

## ૧૦

## શ્રી શીતલનાથ ભગવાન



# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૦

## શ્રી શીતલનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ-૩૮૦૦૦૯

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજ્યોના સ્તવનોનો સંગ્રહ શ્રી સંઘના સદુપયોગ અર્થે, પરમાત્મભક્તિ માટે પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| નંદા દઢરથ નંદનો | શ્રી પદ્મવિજયજી | ૧ |
| દશમા સ્વર્ગ થકી ચવ્યા | શ્રી વીરવિજયજી | ૧ |
| પ્રાણત કલ્પ થકી ચવ્યા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી શીતલ જિન વંદીએ | શ્રી ન્યાયસાગરજી | ૨ |
| શીતળાજિનપતિ લલિત | શ્રી આનંદઘનજી | ૩ |
| શ્રી શીતલજિન ! ભેટીયેં | શ્રી યશોવિજયજી | ૪ |
| શીતલ-જિન ! તુજ-મુજ[૧] વિચિ | શ્રી યશોવિજયજી | ૫ |
| શીતલ-જિન ભદ્દિલપુરીરે | શ્રી યશોવિજયજી | ૫ |
| એ તો શ્રી શીતલ–જિન મેરા | શ્રી ભાણવિજયજી | ૬ |
| અબ પ્રભુ શું ઇતની કહું | શ્રી આણંદવર્ધનજી | ૭ |
| શીતલનાથ ! સુણો અરદાસ | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| તુજ મુખ-સનમુખ નિરખતાં | શ્રી માનવિજયજી | ૯ |
| જી હો શીતલ–જિન | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૯ |
| દઢરથ–નરપતિ-કુલ | શ્રી ભાવવિજયજી | ૧૦ |
| શીતલ સરોવર-તિલક | શ્રી વિનયવિજયજી | ૧૧ |
| અટક્યો ચિત્ત હમારોરી | શ્રી હરખચંદજી | ૧૨ |
| સેવો હે ! સખી ! સેવો | શ્રી નયવિજયજી | ૧૨ |
| અવધારી જૈ એહ, શીતલ | શ્રી ૠષભસાગરજી | ૧૫ |
| શીતલ શીતલનાથ સેવો ગર્વ | શ્રી ઉદયરત્નજી | ૧૬ |
| સેવો શીતલ-જિન ! નામી કે | શ્રી જિનવિજયજી | ૧૭ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શીતલ-જિન સહજાનંદી | શ્રી જિનવિજયજી | ૧૮ |
| સકળ સુરાસુર-સેવિત પાયજી | શ્રી હંસરત્નજી | ૧૯ |
| શીતલજિનવર સેવના, સાહેબજી | શ્રી મોહનવિજયજી | ૨૧ |
| ભગતિનો ભીનો[1] મારો મુજરો | શ્રી રામવિજયજી | ૨૨ |
| શ્રી ભદ્દિલપુર વાસી રે સાહિબ | શ્રી રામવિજયજી | ૨૩ |
| રામાનંદન પાપ-નિકંદન | શ્રી કાંતિવિજયજી | ૨૪ |
| નિજરી ભરી જોવો કયું નહિ | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| શીતલનાથ સુહંકરૂં, નમતાં | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| શીતલજિનપતિ સેવીયેંએ | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| શીતલ જિન વિભુ આતમ શુદ્ધતા | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૭ |
| શીતલ જિનવર સાહિબ વિનવું | શ્રી કીર્તિવિમલજી | ૨૮ |
| શીતલ જિનવર સ્વામીજી | શ્રી દીનવિમલજી | ૨૯ |
| સાહેબજી રે તું નિસનેહી દેવ | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| આજ મેં દેખે નંદાજુકે | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| શીતલનાથ સુખંકરૂ | શ્રી પ્રમોદસાગરજી | ૩૧ |
| સહેજે શીતલ શીતલ જિન | શ્રી ભાણચંદ્રજી | ૩૨ |
| દશમા શીતળનાથ સેવો ભવિકા | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| હે ! સાહિબ ! શ્રી શીતલજિન | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| શીતલ જિનપતિ પ્રભુતા | શ્રી દેવચંદ્રજી | ૩૫ |
| શીતલ શીતલ છાયા રે | શ્રી જીવણવિજયજી | ૩૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શીતલ-જિનની સાહ્યબી | શ્રી દાનવિજયજી | ૩૭ |
| શીતલ શીતલ ઉપશમ આદરે | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| દશમો દેવ દયાલ મયાલ | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| શીતલ-જિન-મુખ-પંકજઈ-મન | શ્રી કનકવિજયજી | ૪૦ |
| ત્રિભુવન જન સ્વામી તું શિવ | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| શીતલજિન તુઝ મૂરતિ | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| શીતલ-જિનવર સાહિબ વિનવું | શ્રી કીર્તિવિમલજી | ૪૩ |
| શીતલ-જિનપતિ સેવીયે | શ્રી રતનવિજયજી | ૪૪ |
| શીતલ સાહિબ ! તુઝ દેશનો | શ્રી માણેકમુનિ | ૪૫ |
| જગત જિનેસર અંતરજામી રે | શ્રી દીપવિજયજી | ૪૫ |
| શીતલ શીતલ ચંદ, દઢરથ નરવર | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૬ |
| શીતલ-જિનને સેવીયે ભવિ | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| જી હો ! શ્રી શીતલ-જિન ભેટતાં | શ્રી જશવિજયજી | ૪૮ |
| શીતલ-જિન ! સોહામણો-માહરા | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૪૯ |
| આજ મેં પુણ્ય-ઉદે પ્રભુ દીઠો | શ્રી ગુણવિલાસજી | ૫૦ |
| તું સુગણાકર સ્વામી ધનનામી | શ્રી જગજીવનજી | ૫૦ |
| શીતલ લોયણા હો, જોવો | શ્રી જિનહર્ષજી | ૫૨ |
| શીતલ-જિન મોહે પ્યારા ! | શ્રી યશોવિજયજી | ૫૨ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| શીતલ પ્રભુ દર્શન | શ્રી વીરવિજયજી | ૫૩ |
| શીતલ જિન સ્વામી, પુણ્યથી | શ્રી પદ્મવિજયજી | ૫૩ |

## ચૈત્યવંદન વિધિ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### • ઈચ્છામિ ખમાસમણ સૂત્ર •

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### • ઈરિયાવહિયં સૂત્ર •

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### • તસ્સ ઉત્તરી સૂત્ર •

**તસ્સ** ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, **વિસલ્લીકરણેણં, પાવાણં** કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં
કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ

નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

**ભાવાર્થ :** આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી શીતલનાથ જિન ચૈત્યવંદન

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દિલપુર તણો, ચલવે શિવપુર સાથ.......૧
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ.......૨
શ્રીવત્સ લંછન સુંદરૂં એ, પદ પદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીયે લીલ વિલાસ.......૩

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

દશમા સ્વર્ગ થકી ચવ્યા, દશમા શીતલનાથ;
ભદ્દિલપુર ધન રાશિયે, માનવ ગણ શિવ સાથ...।।૧।।
વાનર યોનિ જિણંદની, પુર્વાષાઢા જાત;
તિગ વરસાંતરે કેવલી, પ્રીયંગુ વિખ્યાત...।।૨।।
સંયમધર સહસે વર્યા એ, નિરૂપમ પદ નિર્વાણ;
વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડી કલ્યાણ...।।૩।।

## ज्ञानविमलजी कृत चैत्यवंदन

પ્રાણત કલ્પ થકી ચવ્યા, શીતલ જિન દશમા;
વદિ વૈશાખની છઠે જાણે, દાઘજ્વર પ્રશમ્યા...॥૧॥
મહાવદિ તેરશે જન્મ દીક્ષા, તસ તેરશે લીધ;
વદિ પોસી ચૌદશ દિને, કેવલી પરસિદ્ધ...॥૨॥
વદિ બીજે વૈશાખની એ, મોક્ષ ગયા જિનરાજ;
જ્ઞાનવિમલ જિનરાજથી, સિઝે સઘળા કાજ...॥૩॥

# શ્રી શીતલનાથ જિન સ્તવન

## કર્તા શ્રી ન્યાયસાગરજી મ.

### (રાગ રામગિરિ–દેશી સાહેલડીની)

શ્રી શીતલજિન વંદીએ-અરિહંતાજી, શીતલ દર્શન જાસ–ભગવંતાજી
વિષય કષાયને શમાવવા–અરિ ૦ અભિનવ જાણે બરાસ – ભગ ૦...(૧)
બાવનાચંદન પરિકરે–અરિ૦ કંટકરૂપ[1] સુવાસ-ભગ ૦
તિમ કંટક[2] મન માહરૂ–અરિ૦ તુમ ધ્યાને હોવે શુભ વાસ– ભગ ૦. (૨)
નંદન નંદા માતનો-અરિ ૦ કરે આનંદિત લોક-ભગ ૦
શ્રી દઢરથ નૃપ કુલદિનમણિ–અરિ ૦ જિત મદ માન ને શોક–ભગ ૦...(૩)

શ્રીવત્સ લંછન મિત્તિ રહે-અરિ ૦ પગકમળે સુખકાર-ભગ૦
મંગલિકમાં તે થયો—અરિ ૦ તે ગુણ પ્રભુ આધાર-ભગ ૦...(૪)

કેવળ કમળા આપીયે-અરિ ૦ તો વાધે જગ મામ[૩]—ભગ ૦
**ન્યાયસાગરની** વિનંતિ—અરિ ૦ સુણો તિહું જગના સ્વામિ—ભગ ૦...(૫)

---

૧. ઓછાશ, ૨. કાંટાળાઝાડ. ૩. મહિમા

## કર્તા શ્રી આનંદઘનજી મ.

### (રાગ-ધન્યાશ્રી, ગૌડ-માંગળીકમાળા ગુણહ વિશાળા – એ દેશી)

શીતળ જિનપતિ લલિત[૧]-ત્રિ-ભંગી[૨], વિવિધ-ભંગી[૩] મન મોહેરે ।
કરૂણા કોમળતા તીક્ષ્ણ૧। ઉદાસીનતા સોહેરે-શીતળ૦॥૧॥

સર્વ-જંતુ-હિત-કરણી કરૂણા, કર્મ[૪]-વિદારણ તીક્ષણરે ।
હાન[૫]-દાનરહિત પરિણામી, ઉદાસીનતા વિક્ષણરે-શીતળ૦॥૨॥

પર[૫]-દુઃખ-છેદન-ઇચ્છા કરૂણા, તીક્ષ્ણ પર-દુઃખ રીઝેરે ।
ઉદાસીનતા ઉભયવિલક્ષણ,[૬] એક ઠામેં કિમ સીઝેરે ?શીતળ૦॥૩॥

અભયદાન તે કરૂણા,[૭] મળક્ષય તીક્ષ્ણતા ગુણભાવે[૮] રે; ।
પ્રેરક[૯] વિણકૃતિ ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવે રે-શીતળ૦॥૪॥

શક્તિ[૧૦] વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગેરે ।
યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગી રે -શીતળ૦॥૫॥

ઇત્યાદિક બહુ-ભંગ ત્રિ-ભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે ।
અ-ચરિજ-કારી ચિત્ર-વિચિત્રા, **આનંદઘન**-પદ લેતી રે-શીતળ૦॥૬॥

૧ સુંદર ૨ ત્રણ-ત્રણ ભાંગાવાલી ૩ અનેક પ્રકારની ચીજો ૪ કર્મને નાશ કરવા માટે ૫ છોડવું કે લેવું તેનાથી રહિત પરિણામવાળા ૬ બીજાના દુઃખને દૂર કરવાની ઇચ્છા તે કરૂણા, બીજાના દુઃખમાં રાજી થવું તે તીક્ષ્ણતા, અને બંનેથી નિરપેક્ષ રહેવું તે ઉદાસીનતા, આ ત્રણ બાબતો પરસ્પર વિરોધી, એક જગ્યાએ કેમ સંભવે ? (ત્રીજી ગાથાનો અર્થ) ૭ કર્મના ક્ષયથી ૮ ગૌણપણે ૯ પ્રેરક તરીકે રહ્યા વિના સાહજિક પરિણતિ ૧૦ આ ગાથામાં નય-વિશેષથી પાંચ જાતની ત્રિભંગીઓ જણાવી છે, જેનો રહસ્યાર્થ વિવેચનમાંથી જોઈ લેવો

## કર્તા ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (અલિ અલિ કદિ આવેગો-એ દેશી.)

શ્રી શીતલજિન ! ભેટીયેં, કરી ભગતેં ચોખું[1] ચિત્ત હો
તેહશ્યું કહો છાનું કિશ્યું ? જેહને સોંપ્યાં તન-મન વિત્ત હો—શ્રી૦(૧)
દાયકનામે[2] છે ઘણા પણ તું સાયર તે કૂપ હો
તે બહુ ખજુઆ તગતગે, તું દિનકર[3] તેજ-સ્વરૂપ હો-શ્રી૦(૨)
મોટો જાણી આદર્યો; દાલિદ્ર ભાંગો જગતાત હો
તું કરૂણાવંત-શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો-શ્રી૦(૩)
અંતરયામી સવી લહો, અમ મનની જે છે વાત હો
મા આગળ મોસાળનાં, શ્યાં વરણવવાં[4] અવદાત ? હો-શ્રી૦(૪)
જાણો તો તાણો કિશું, સેવા-ફળ દીજે દેવ હો
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજમન ટેવ હો-શ્રી૦(૫)

૧. નિર્મળ ૨ દાતા તરીકેનું નામ ધરાવનાર ૩ સૂર્ય ૪ વર્ણન

## કર્તા ઉપા. શ્રી યશોવિજયજી મ.

(ભોલુડારે હંસા-એ દેશી)

**શીતલ**-જિન ! તુજ-મુજ[1] વિચિ આંતરૂં, નિશ્ચયથી[2] નહિ કોય;
દંસણ-નાણ-ચરણગુણ જીવને, સહુને પૂરણ હોયે,
અંતરયામીરે ! સ્વામી સાંભળો !....(૧)
પણિ મુજ[3] માયારે ભેદી[4] ભોળવે, બાહ્ય[5] દેખાડીરે વેષ;
હિયડે જૂઠીરે મુખ અતિ-મીઠડી, જેહવી ધૂરત-વેષ[6]-અંતર૦....(૨)
એહનો સ્વામીરે મુજથી વેગળી, કીજે દીન-દયાળ;
વાચક **જશ** કહે જિમ તુહ્મસ્યું મિલી,
લહિયેં સુખ સુ-વિશાળ-અંતર૦ (૩)

૧. તમારી-મારી વચ્ચે ૨. પરમાર્થ દષ્ટિવાળા શુદ્ધ અદ્‌ભુત નિશ્ચયનયથી ૩ કર્મજન્ય વિચિત્ર પરિણતિ ૪. વિચિત્ર વર્તનવાળી ૫ બહારના ૬ બનાવટી વેષધારી

## કર્તા ઉપા. શ્રી યશોવિજયજી મ.

(કપૂર હોઈ અતિ ઉજલૂ રે - એ દેશી)

**શીતલ**-જિન ભદ્દિલપુરીરે, દઢરથ-નંદા જાત[1]
નેંઉ-ધનુષ તનુ ઉચ્ચતાજી, સોવન-વાન વિખ્યાત રે
જિનજી ! તુજશ્યું મુજ મન નેહ. જેમ ચાતક ને મેહ રે –જિનજી ૦ !
તું છે ગુણ-મણિ ગેહરે-જિનજી ! તુજશ્યું ૦..(૧)
શ્રીવત્સ-લંછન સોહતોજી, આયુ પૂરવ લખ એક,
એક-સહસશ્યું વ્રત લીયેંજી, આણી હૃદય વિવેકરે.
–જિનજી ! તુજશ્યું ૦..(૨)

સમેતશિખર શુભ ધ્યાનથીજી, પામ્યા પરમાનંદ;
એક લાખ ખટ સાહુણીજી, એક લાખ મુનિવૃંદરે
—જિનજી ! તુજશ્યું ૦ !..(૩)

સાવધાન બ્રહ્મા સદાજી, શાસન-વિઘન હરેઈ
દેવી **અશોકા** પ્રભુ તણીજી, અહનિશિ ભગતિ કરેઈ રે
-જિનજી ! તુજશ્યું ૦..(૪)

પરમપુરુષ પુરુષોતમજી, તું નરસિંહ નિરીહ
કવિઅણ[૨] તુજ **જશ** ગાવતાંજી, પવિત્ર કરે નિજ જીહ રે[૩].
—જિનજી! તુજશ્યું ૦ (૫)

---

૧. પુત્ર ૨. કવિઓ ૩ જીભ

## કર્તા શ્રી ભાણવિજયજી મ.

**(માયા મોહ ન કીજે - એ દેશી.)**

એ તો શ્રી **શીતલ**—જિન મેરા, મેં તો ચરણ[૧] ગ્રહ્યા પ્રભુ તેરા;
અબ દૂર કરો ભવ ફેરા હો લાલ - પ્રભુ માહરે મન માન્યા.....(૧)

એ તો **શીતલ** મુદ્રા એહની, વળી **શીતલ** વાણી જેહની,
એહ સમ સુરતિ નહી કેહની—હો લાલ—પ્રભુ૦....(૨)

તુમ વાણી ઘણી ઘણી મિષ્ટ, સાકર-દ્રાખથી એ વિશિષ્ઠ,
એ તો લાગે છે મુજ ઇષ્ટ, – હો લાલ – પ્રભુ૦....(૩)

તુમ **શીતલ** નામ પ્રધાન, મુજ તન—મન કરી એકતાન;
તુમ નામે કરું કુરબાન[૨] – હો લાલ – પ્રભુ૦....(૪)

નિજ ચરણની સેવા દેજ્યો, નિજ બાલક પરે મુને ગણજ્યો,
બાંહ ગ્રહીને તુમ્હે નિરવહજ્યો[3] – હો લાલ – પ્રભુ૦....(૫)
એ તો પ્રેમવિબુધ સુપસાય, ભાણવિજય નમે તુમ પાય.
તુમ દરિસણે આનંદ થાય – હો લાલ-પ્રભુ૦....(૬)

૧. શરણે આવ્યો છું ૨. સમર્પિત ૩. નભાવશો.

## કર્તા શ્રી આણંદવર્ધનજી મ.

**(રાગ કાફી-મુરિ મુરિ ઝરમેહિ ખેલુંગી-એ દેશી.)**

અબ પ્રભુ શું ઇતની કહું, નીકે[1] અપને દિલહકી વાત હો - અબ૦
મેરે પ્રભુજી ! દુશમન કરમ લગે રહે, મેરી ગેલ[2] ન છોડે આઠ હો,
આઠ કે જૂદે મતે, મોહિ ઘેર રહે જડકાઠ[3] હો- અબ૦...(૧)

તુમશું મિલન ન દેત હૈ, મેરે પૂરવ-કરમ વિલાસ હો,
દુનિયાં સબ લાગતી ફીકી, તાતેં જીઉરા[4] રહત ઉદાસ હો-અબ૦...(૨)

તુમહી તેં સુખ પાઇએ, તુમ્હ સમરથ **શીતલનાથ** હો,
**આનંદ** શું કરૂણા કરો, નીકે આઇ મિલેં પ્રભુ-સાથ હો-અબ૦...(૩)

૧ સારી ૨ સોબત ૩ લાકડાની જેમ જડ = સજ્જડ રીતે ૪ જીવ

## કર્તા શ્રી લક્ષ્મીવિમલજી મ.

(કીસકે ચેલે કીસકે પૂત-એ દેશી.)

**શીતલનાથ ! સુણો અરદાસ, સાહિબ!**
આપો પદ-કમળ વાસ; સાંઈ! સાંભળો ૦
મોહ-મહીપતિ મોટો ચોર, નવ-નવ રૂપ ધરી કરે જોર-સાંઈ૦(૧)
માત-પિતા વધૂ ભગિની ભ્રાત; સાસુ સસરો પીતરીયા જાત-સાંઈ૦
કુટુંબ વેષ કરી કિરતાર,[૨] એહ ભમાડે બહુ સંસાર-સાંઈ૦(૨)
ષટ-દર્શનનું લેઇ રૂપ, જગને પાડે ભવાન્ધ[૩] કૂપ -સાંઈ૦
જો છોડણ ચાહે સુણી સુત્ત, રૂપ ધરે એહ બીજો ધૂત્ત-સાંઈ૦(૩)
વિવિધ કુમતિ મન ઉન્માદ, આણા લોપી માંડે વાદ
આગમ[૪]-ભાખીની મતિ મંદ, આરોપે નિજ-મતનો કંદ-સાંઈ૦(૪)
મોહતણો એહવો પરપંચ, સ્વામી ! હવે શો કીજે સંચ[૫]-સાંઈ૦
કાંઈ બતાવો એક ઉપાય, જિન મોહ નાસી દૂરે જાય -સાંઈ૦(૫)
નેહ-નજર ભરી નાથ ! નિહાળ ! સુખીઓ થાઉં ત્રણ્યે કાળ -સાંઈ૦
**કીર્તિવિમલ** પ્રભુ કર ઉપગાર, **લક્ષ્મી** કહે તું કરૂણાસાગર-સાંઈ૦(૬)

---

૧. વિનંતિ ૨. હે પ્રભુ ! ૩. સંસારરૂપ અંધારો કૂવો ૪. આગમાનુસાર બોલનારાની બુદ્ધિ મંદ છે એમ કહી પોતાની માન્યતા = મતના મૂળને સ્થાપે છે. (ચોથી ગાથાના ઉતરાર્ધનો અર્થ) ૫. પ્રયત્ન

## કર્તા ઉપા.શ્રી માનવિજયજી મ.

### (મન રંગ ધરી-એ દેશી)

તુજ મુખ-સનમુખ નિરખતાં, મુજ લોચન અમી કરંતા હો—શીતલ જિનજી ०
તેહની શીતલતા વ્યાપે[1], કિમ રહિવાયે કહો તાપે હો -શી०(૧)
તુજ નામ સુણ્યું જબ કાને, હઈયડું આવે તવ સાને[2] હો — શીતલ ०
મુરછાયો[3] માણસ વાટે, જિમ સજ્જ[4] હુયે અમૃત— છાંટે હો—શીતલ०(૨)
શુભ—ગંધને તરતમ યોગે, આકુલતા હુઈ ભોગે હો—શી०
તુજ અદ્દ્ભુત દેહ-સુવાસે, તેહ મિટી ગઈ રહત ઉદાસે હો—શીતલ०(૩)
તુજ ગુણ[5]—સંસ્તવને રસના, છાંડે અન્ય[6]—લવની તૃષ્ણા હો—શીતલ०
પૂજાયે તુજ તનુ ફરસે, ફરસન શીતલ થઈ ઉલસે હો—શીતલ०(૪)
મનની ચંચલતા ભાંગી, સવિ છંડી થયો તુજ રાગી હો—શીતલ०
કવિ **માન** કહે તુજ સંગે, શીતલતા થઈ અંગો-અંગે હો—શીતલ०(૫)

---

૧. ફેલાય છે તે, ૨ ઠેકાણે, ૩. બે-ભાન થયેલ, ૪. સારો ૫. ગુણની સ્તવનામાં, ૬ બીજા પદાર્થની,

## કર્તા પૂ.આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (જી હોની દેશી.)

જી હો **શીતલ—જિન** ! જગનો ધણી, જી હો શીતલ દર્શન જાસ
જી હો શીતલ ચંદનની પરે, જી હો પસાર્યો સુજસ[1]—સુવાસ
સુગુણ ! નર ! સેવો **શીતલનાથ,** એ તો અવિચલ શિવસુખ-સાથ
-સુગુણ० (૧)

જી હો વિષય[2]—દાવાનળ ઓલવે, જી હો ધ્યાન તણો લવ-લેશ
જી હો ગારવ[3]-રજ તે ઉપશમે, જી હો દૂરિ દુરિત[4]-કલેશ-સુગુણ૦(૨)
જી હો મલયાચલ-શુભ-વાસથી, જી હો કંટક હોયે સુગંધ
જી હો સજ્જન સહુ પણ આદરી, જી હો એ ઉત્તમ અનુબંધ—સુગુણ૦(૩)
જી હો રોમ-રોમ તનુ ઉલ્લસે, જી હો આનંદ અધિક અથાહ
જી હો શીતલ-વાણી સુધારસેં, જી હો સીંચ્યો બે-પરવાહ —સુગુણ૦(૪)
જી હો શીતલતાને કારણે, જી હો આણો સમતા-ભાવ
જી હો જ્ઞાનવિમલ-સુખસંપદા, જી હો હોવે અધિક જમાવ —સુગુણ૦(૫)

---

૧. સારા યશની સુગંધ ૨. વિષયવાસના રૂપ જંગલી અગ્નિનો ૩. ત્રણ ગારવની ધૂળ ૪. પાપનો કલેશ.

## કર્તા પૂ. શ્રી ભાવવિજયજી મ.

### (રાગ મારૂણી—ચેતન ચેતો રે—એ દેશી)

દઢરથ[1]—નરપતિ-કુલ-પૂરવગિરિં દિનકર જિનવર વંદો રે
નંદા[2]—નંદન પ્રભુ ચિર નંદો, સમતાવેલી —કંદો,
શીતલનાથો રે, ભવ-જલ, પડતાં દિયેં હાથો—શીતલ ૦
મેળે શિવ-પુરનો સાથો—શીતલ૦...(૧)
દેહ-વાન જેહનો અતિ મનોહરૂ, કનકશૈલને જીપે રે
એક લાખ પૂરવ જસ જીવિત, શ્રી વત્સ-લંછન દીપે—શીતલ૦...(૨)
નેઉ ધનુષ-માન તનુ સોહે, જેહનું નિરુપમ રૂપો રે
જે દેખીને રૂપતણો મદ, છંડે સુરના ભૂપો—શીતલ૦...(૩)
ભદ્દિલપુરનો રાજા રાજે, આદિવંશ-અવતંસો રે
મમ-માનસ માનસ-સરે હંસો, સુર-નર-રચિત-પ્રશંસો-શીતલ૦...(૪)

બ્રહ્માસુર વર દેવી અશોકા જસ શાસનસુર રાજે રે
**ભાવ** કહે એ દશમો જિનવર, સેવક-વૃંદ નિવાજે-શીતલ૦...(૫)

---

૧. દઢરથ રાજાના કુળરૂપ પૂર્વ દિશાના ઉદયાચલ પર્વત ઉપર સૂર્યસમાન (પ્રથમ ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ) ૨. નંદા દેવીના પુત્ર

## કર્તા પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (આવ્યો માસ વસંત-એ દેશી.)

શીતલ સરોવર[૧]-તિલક નીર[૨] નદી તણું રે,
શીતલ સાર[૩] કપૂરનું પૂર સોહામણું રે
શીતલ સજ્જન મન કે વન નંદન ઘણું રે,
શીતલ કમલ-કદંબ કે સજ્જન પેખણું[૪] રે,....(૧)

શીતલ. જનની[૫]-હેતજ કે તેજ મયંકનું[૬] રે,
શીતલ અંગે વિલેપન ચંદન-પંકનું એ
શીતલ જલધર છાંહ કે બાંહ વાલિમનીએ[૭],
શીતલ સરસ ઉદાર કે વાડી રંભની[૮] રે....(૨)

એહથી શીતલ સંત કે શીતલ દેવના રે,
ચરણ-કમલશ્યું પ્રીતિ કે ભાવે સેવના રે
પાપ તણા સંતાપ કે જેહથી ઉપશમે રે,
**વિનયવિજય** કરજોડી કેં પ્રભુ ચરણે નમે રે.....(૩)

---

૧. સરોવરોમાં તિલક = માનસરોવર ૨. પાણી ૩. શ્રેષ્ઠ ૪. દૃષ્ટિ ૫. માતાનું હેત = વાત્સલ્ય ૬. ચંદ્રનું ૭. વાલમ = ધણીની ૮. કેળની.

## કર્તા શ્રી હરખચંદજી મ.

(રાગ—ગુણાકરી)

અટક્યો ચિત્ત હમારોરી, જિન ચરણ કમલમેં; અટક્યો
શીતલનાથ જિનેશ્વર સાહિબ ! જીવન-પ્રાણ આધારોરી—જિન૦(૧)
માતા નંદાદેવીકા નંદન, દઢરથ-નૃપકો પ્યારોરી
શ્રીવત્સ લંછન જનમ ભદ્દિલપુર, કુલ ઈક્ષ્વાગ ઉજવાલોરી—જિન૦(૨)
નેઉ ધનુષ શરીર સુશોભિત, કનકબરન અનુકારોરી
એક લાખ પૂરવ થિતિ કહિયત, નામ લિયાં નિસતારોરી—જિન૦(૩)
દીનદયાલ જગત—પ્રતિપાલક, અબ મોહે પાર ઉતારોરી
હરખચંદકે સાહિબ સાચે, હું તો દાસ તુમારોરી—જિન૦(૪)

## કર્તા શ્રી નયવિજયજી મ.

(સીતા હો સખિ ! સીતા — એ દેશી.)

સેવો હે ! સખી ! સેવો શીતલનાથ,
સાથ જ હે ! સખી ! સાથ જ એ શિવપુરતણોજી,
મહમહે હે ! સખી ! મહમહે જાસ અનૂપ,
મહિમા હે ! સખી ! મહિમા મહિમાંહે ઘણોજી,
મોટો હે ! સખી ! મોટો એ જગદીશ,
જગમાં હે ! સખી ! જગમાંહે પ્રભુ જાણીયેંજી,
અવર ન હે ! સખી ! અવર ન કોઈ ઈશ,
એહની હે ! સખી ! એહની ઓપમા આણીયેંજી.....(૧)

પ્રભુતા હે ! સખી ! પ્રભુતાનો નહિ પાર,
સાયર હે ! સખી ! સાયર પરે ગુણમણિ-ભરયોજી
મૂરતિ હે ! સખી ! મૂરતિ મોહનગાર,
હરિપરિ હે ! સખી ! હરિપરિ[1] શિવ[2]-કમળા વર્યોજી
તારક હે ! સખી ! તારક જહાજ જ્યૂં એહ,
આપે હે ! સખી ! આપે ભવ[3]—જલ નિસ્તર્યોજી
સુરમણિ હે ! સખી સુરમણિ તેમ સદૈવ,
સંપદ હે ! સખી ! સંપદ સવિ અલંકર્યોજી....(૨)
એ સમ હે ! સખી ! એ સમ અવર ન દેવ,
સેવા હે ! સખી ! સેવા એહની કીજીયેં જી,
કીજે હો ! સખી ! કીજે જનમ કયથ્થ,
માનવ હે ! સખી ! માનવ ભવ-ફળ લીજીયેંજી
પૂરે હે ! સખી ! પૂરે વંછિત-આશ,
ચૂરે ! હે ! સખી ! ચૂરે ભવભય-આપદાજી,
સુરતરૂ હે ! સખી ! સુરતરૂ જેમ સદૈવ,
આપે હે ! સખી ! આપે શિવસુખ-સંપદાજી....(૩)
ધન ધન હે ! સખી ! ધન ધન તસ અવતાર,
જેણે હે ! સખી ! જેણે તું પ્રભુ ભેટિઓજી
પાતક હે ! સખી ! પાતક તસ ગયાં દૂર,
ભવભય હે સખિ ! ભવભય તેણે મેટીઓજી
પામી હે ! સખી ! પામી તેણે નવનિદ્ધિ,
સિદ્ધિ જ હે ! સખી ! સિદ્ધિ જ સઘળી વશ કરીજી,

દુરગતિ હે ! સખી ! દુરગતિ વારી દૂર,
કેવળ હે ! સખી ! કેવળ-કમળા તિણે વરીજી....(૪)
સેવી હે ! સખી ! સેવી સાહિબ એહ,
હરિ-હર ! હે ! સખી ! હરિ-હરને કહો કુણ નમેજી
ચાખી હે ! સખી ! ચાખી અમૃત-સ્વાદ,
બાક્સ હે ! સખી ! બાક્સ-બુક્સ કુણ જમેજી
પામી હે ! સખી ! પામી સુરતરૂ સાર,
બાઉલ હે ! સખી ! બાઉલ-વનમાં કુણ ભમેજી
લેઈ હે ! સખી ! લેઈ મૃગમદ[૪]-વાસ,
પાસે હે ! સખી ! પાસે લસણને કુણ રમેજી....(૫)
જાણી હે ! સખી ! જાણી અંતર એમ,
એહશું હે ! સખી ! એહશું પ્રેમજ રાખીયેજી,
લહિયે હે ! સખી ! લહિયે કામિત[૫]-કામ,
શિવસુખ હે ! સખી ! શિવસુખ સહેજે ચાખીયેંજી,
**નયવિજય** હે ! સખી ! **નયવિજય** કહે ધન્ય તેહ,
અહનિશિ હે ! સખી ! અહનિશિ જે સેવા કરેજી,
પામે હે ! સખી ! પામે નવનિધિ સિદ્ધિ;
સંપદ હે ! સખી ! સંપદ સઘળી તે વરેજી....(૬)

---

૧. વિષ્ણુની જેમ ૨. મોક્ષરૂપ લક્ષ્મી ૩. સંસાર-સમુદ્ર ૪. કસ્તુરીની સુગંધ ૫. ઈષ્ટપદાર્થો

## કર્તા શ્રી ઋષભસાગરજી મ.

અવધારી જૈ એહ, શીતલ જિનજી ! કહું તેહ,
તું અંતરજામી માહરઇ
કાંઇ જાણી હો શીતલ જિન ! ચતુર સુજાણ,
બાંહ[1] અવલંબ્યો[2] તાહરઇ....(૧)

મૈં કીયો અ-વિહડ નેહ, શીતલ ૦ તો સું નેહ,
નંદા[3]-નંદ આનંદસ્યું; કાંઇ દીજયો હો, શીતલ ૦
સમક્તિ સુદ્ધ, સુત સુગ્રીવ[4] સું છંદ સું....(૨)

બાંહ ગ્રહ્યાંકી લાજ, શીતલ ૦ મહારાજ, આજ અમીણી ખાંતિકો
કોઈ દીજયો હો, શીતલ ૦ દીનદયાલ
સુખ અવિચલ સારી ભાતિકો....(૩)

ભેટયા ચરણ ભગવંત શીતલ ૦ ભગવંત, તિણ વિરિયા પ્રભુ ! તાહરા,
કાંઇ મિટ ગયા હો, શીતલ ૦ મામૂર[5],
મન સંદેહા માહરા....(૪)

દેખ્યા સઘલા દેવ, શીતલ ૦ દલી ન સકઇ, દુખ દેહના
કાંઇ કીજૈ હો શીતલ ૦ તેહની સેવ,
જન[6] જનસું નેહ તેહના....(૫)

જગ જોતાં જગદીશ, શીતલ ૦ જગદીશ,
ચિત[7] ચાહી તું તું મિલ્યો, હવૈ ચઢસી હો, શીતલ ૦ સહુ પરમાંણ,
ભાવ સહિત તોસું ચિત મિલ્યો....(૬)

તુંહી તુંહી ધ્યાન, શીતલ ૦ તુંહી ધ્યાન, જ્યું ચાતક મન મેહલો,
ગજ સમરે હો, શીતલ ૦ મુખ[૮] રેવા[૯] જેમ, મુજ તુજસું તિમ નેહલો.....(૭)

તુમ વિન ખિન ન સુહાય, શીતલ ૦ ન સુહાય,
પ્રાણજીવનજી તો[૧૦] પખૈ[૧૧], કાંઈ[૧૨] મીઠા હો, શીતલ ૦ મેવા ખાય,
કહો નૈ નિબોલી કુણ ચખૈ....(૮)

**ઋદ્ધિસાગર** ગુરુ શીસ, શીતલ ૦ જીસુ જગીસ,
**ઋષભ**-લાખી પ્રીતસું કાંઇ પાયા હો શીતલ ૦ મન પરતીતિ,
સહજ મિલ્યા જિણ મિત્તાસું....(૯)

---

૧. હાથ ૨. પકડયો ૩-૪ દશમા પ્રભુજીની માતાજીનું પિતાજીનું નામ છે. ૫. મહામોટા ૬.જાત જાતના લોક સાથે ૭. મનપસંદ ૮. મૂળ કિનારો ૯. નર્મદા નદી ૧૦. તમારા ૧૧. વિના ૧૨. મીઠા મેવા ખાધા પછી નીંબોળી કોણ ચાખે ? (૯મી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ)

## કર્તા શ્રી ઉદયરત્નજી મ.

શીતલ શીતલનાથ સેવો ગર્વ ગાળી રે,
ભવ દાવાનળ ભંજવાને, મેઘમાળી રે – શીતલ ૦....(૧)

આશ્રય રૂંધી એક બુદ્ધિ, આસન વાળી રે.
ધ્યાન એહનું મનમાં ધરો, લેઈ તાળી રે – શીતલ ૦....(૨)

કામને બાળી ક્રોધને ટાળી, રાગને રાખી રે,
ઉદય-પ્રભુનું ધ્યાન ધરતાં, નિત દીવાળી રે–શીતલ ૦....(૩)

## કર્તા શ્રી જિનવિજયજી મ.

(ગરબો કેણે ન કોરવ્યો કે નંદજીના લાલા રે-એ દેશી)

સેવો શીતલ-જિન ! નામી કે – સહુ સુખદાય રે,
જેહે છે તીન ભુવનનો સ્વામી કે—સુર ગુણ ગાય રે
જેણે પરમ[1]—પ્રભુતા પામી કે—હણી અંતરાય રે
જેહ છે સિદ્ધિ વધુ સુખકામી કે—જય જિનરાય રે....(૧)
ચોસઠ ઈન્દ્ર રહ્યા કર જોડી કે – મોડી માન રે
જેહના પાય નમે કર જોડી કે—નિરૂપમ જ્ઞાન રે
અમરી[2] ભમરી[3]—પરી લોક[4] કે મુખ[5] કે જ વાસ રે,
અપચ્છરા લાભ અનંતો જાણી કે, – ગાયેં રાસ રે ૦....(૨)
વીણા તાલ રબાજ[6] સુણાવે કે – લૈ કરતાલ રે,
ધપ-મપ મૃદંગ બજાવે કે, રાગ રસાલ રે,
તનન તથેઇ થેઈ તાન મિલાવે કે, સરીખે સાદ રે,
રાગણી રાગે ગીત મલ્હાવે કે—મધુરે નાદ રે ૦....(૩)
નાટક બગીશનટ દેખાવે કે —નવ—નવ છંદ રે,
લટકે લળી લળી શીશ નમાવે કે—વિનય અ—મંદ રે,
તારક ! ત્રણ રતન અમ આપો કે-દીનદયાળ રે,
જગ-ગુરુ ! જનમ-જરા દુઃખ કાપો કે-બિરૂદ સંભાળ રે ૦....(૪)
નિરમોહે પણ જન-મન મોહે કે-અ-ગમ અ-રૂપ રે,
રાગ-રહિત ભવિ પડિબોહે કે-અકળ-સ્વરૂપ રે,
માન વિના નિજ આણ મનાવે કે—અચરિત ઠામ રે,
પંડિત **ક્ષમાવિજય**-જિન ધ્યાવે કે, શિવ સુખ ધામ રે ૦....(૫)

૧. વિશિષ્ટ ૨. દેવીઓ ૩. ભમરીની ૪. જેમ ૫. મુખરૂપ કમળ ૬. સંગીત પદ્ધતિ

## કર્તા શ્રી જિનવિજયજી મ.

### (હીરજી ગુરૂ વંદો—એ દેશી)

શીતલ-જિન સહજાનંદી, થયો મોહની કર્મ નિકંદી[1]
પરજાઈ[2] બુદ્ધિ નિવારી, પરિણામિક[3] ભાવ સમારી
મનોહર મિત્ર ! એ પ્રભુ સેવો, દુનિયામાંહિ દેવ ન એવો.....(૧)

વર કેવલનાણ વિભાસી, અજ્ઞાન તિમિર[4]-ભર[5] નાસી
જંયો લોકાલોક પ્રકાશી, ગુણપજ્જવ વસ્તુ-વિલાસી-મનોહર ૦.....(૨)

અક્ષયથિતિ અવ્યાબાધ, દાનાદિક લબ્ધિ અગાધ
જેહ શાશ્વત-સુખનો સ્વામી, જડ ઇંદ્રિય ભોગ-વિરામી—મનોહર ૦.....(૪)

જેહ દેવનો દેવ કહાવે, યોગીશર જેહને ધ્યાવે
જસુ આણા સુરતરૂ વેલી, મુનિહૃદય-આરામે ફેલી—મનોહર ૦.....(૫)

જેહની શીતલતા સંગે, સુખ પ્રગટે અંગોઅંગે
ક્રોધાદિક તાપ સમાવે, **જિનવિજયાણંદ** સભાવે-મનો ૦.....(૬)

---

૧. ઉખેડી=દૂર કરી ૨. પુદ્‌ગલ તરફ જતી ૩. સ્વાભાવિક=મૂળભૂત સ્વરૂપ ૪. અંધારૂં ૫. સમૂહ

## કર્તા શ્રી હંસરત્નજી મ.

(રાગ-રામગરી-દેશી-આખ્યાનની)

(ઢાળ)

સકળ સુરાસુર-સેવિત પાયજી, સાહેબ શ્રી શીતલ-જિનરાયજી
જગજીવન જગ-આધારજી, તું ઉતારે ભવ-કાંતારજી[1]

(ઉથલો)

કાંતાર[2] ચિહુંદિશી મહા-ભીષણ, ચતુરગતિ સંસાર
ભવ[3]-ગહન ગહ્વર અતિ-ભયંકર, જોતાં ન દીસે પાર
જિહાં વિવિધ ચિંતા રૂપ બહુલી, ઝંસે ઝંખરજાળ
જગજંતુ ભૂલા ભમર[4] દેતા, ભમિ[5] તેહ વિચાર૦....(૧)

(ઢાળ)

તૃષ્ણાતટિની[6] પૂર અથાહજી, લોભ-કલણ[7] કાદવ તે માંહેજી
અજગરરૂપી જિહાં અભિમાનજી, ગ્રહવા કાજે ધસે તિણ થાનજી

(ઉથલો)

તેણે થાને મહામિથ્યાત-પર્વત, પ્રૌઢ અપરંપાર
રતિ-અરતિ તિહાં વળી કંદરા[8], મહામૂઢતા અંધકાર
નવિ લહે નિરમળ જ્ઞાન-દિનકર, કિરણપણે સંચાર
વિકરાળ મોહ-પિશાસ વિરૂવો[9], કરી રહ્યો હુંકાર૦....(૨)

(ઢાળ)

વિષય[10]-વનચર મહા ભડવાયજી, વસી લુંટડીયો[11] તે જાણે ઠાયજી
શબ્દાદિક જેહનો સમુદાયજી, જગમાં કેણે જીત્યો ન જાયજી

(ઉથલો)

જીત્યો ન જાય જેહ જાલિમ[૧૨], રહે રોકી ઘાટ[૧૩]
ભવ-ભ્રમણ કરતાં જીવને, વિચમાણે[૧૪], પાડીવાટ
જે સુકૃત-સંબલ[૧૫] લે ઉલાળી[૧૬], નાણે કેહનો ત્રાસ
મિથ્યાત્વ ગિરિવર-ગહનના, જિણેં લાધો મહામેવાસ[૧૭]૦....(૩)

(ઢાળ)

કર્મ-દાવાનલ ચિહુંદિશે દીસેજી, ક્રોધ-ભુજંગ ધસેં અતિ રીસેંજી
ભવ-અટવીમાં ઇણીપરે જીવેજી, ભમતો દેખી દુઃખ અતીવ જી

(ઉથલો)

અતીવ કાળગમે ઇણી પરે, ભોગવતાં દુખભોગ
કોઈ પુણ્યના સંજોગથી, ગુરુતણો પામી યોગ
દિગ્મૂઢ થઈ વન દેખતાં, જિમ પંથ દેખાડે કાય
તિમ ગુરુતણે ઉપદેશ સૂધે, પંથ ચાલે સોય૦....(૪)

(ઢાળ)

પુણ્યેં પામી સિદ્ધોરાયજી, આવી વળગે તાહરી બાંહજી
તું શિવપુરનો સારથવાહજી, પાર ઊતારે ધરી ઉછાહજી

(ઉથલો)

ઉછાહ આણી નાથ જાણી, કરૂં એક અરદાસ
ત્રિભુવનનાયક મુગતિદાયક પૂરે મનની આશ
તુજ ચરણ-સેવા દેવદેવા, આપો મહારાજ
કહે હંસ ઇણી પરે સકળ સુખકર, સારે વંછિત કાજ૦....(૫)

---

૧. જંગલ ૨. જંગલ ૩. જન્મરૂપ ગહન ગુફાઓ ૪. ચક્કરખાતા ૫. ભટકી રહ્યો છે. ૬. નહીં ૭. ખુંચી જાય તેવો ૮. ગુફા ૯. ભયંકર ૧૦. જંગલી ૧૧. લુંટારો ૧૨. ભયંકર ૧૩. રસ્તો ૧૪. વચગાળો ૧૫. ભાથું ૧૬. લુંટી ૧૭. મોટીજાગીરી.

## કર્તા શ્રી મોહનવિજયજી મ.

### (ઘોડી તો આઈ થારા દેશમાં—એ દેશી.)

શીતલજિનવર સેવના, સાહેબજી, શીતલ જિમ શશી[1] બિંબ હો
સસનેહી ! મૂરતિ માહરે મન વસી સા ૦
સાપુરિ[2]ષાંશું ગોઠડી, સા ૦ મોટો તે આલાલુંબ હો—સ ૦.....(૧)

ખીણ એક મુજને નવિ વીસરે—સા ૦ તુમ ગુણ પરમ અનંત હો—સ ૦
દેવ અવરને શ્યું કરૂં, સા ૦ ભેટ થઈ ભગવંત હો—સ ૦.....(૨)

તુમે છો મુગટ ત્રિહું લોકના, સા ૦ હું તુમ પગની ખેહ[3] હો – સ ૦
તુમ છો સઘન રૂતુ મેહુલો, સા ૦ હું પચ્છિમ દિશિ ત્રેહ હો – સ ૦.....(૩)

નિરાગી પ્રભુ રીઝવું સા ૦ તે ગુણ નહિ મુજ માંહિ હો – સ ૦
ગુરૂ[5] ગુરૂતા[6] સાંહમું જુઓ, સા ૦ ગુરૂતા તે મૂકે નાંહિ હો સ ૦.....(૪)

મોટાસેતી[7] બરોબરી, સા ૦ સેવક કીણ – વિધ પાય હો – સ ૦
આસંગો કિમ કીજીયેં સા ૦ તિહાં રહિ આ લુભાય હો – સ ૦.....(૫)

જગગુરુ કરૂણા કીજીયેં, સા ૦ ન લખ્યો આભાર વિચાર હો સ ૦
મુજને રાજ ! નિવાજશો, સા ૦ તો કુણ વારણહાર હો– સ ૦.....(૬)

ઓળગ અનુભવ ભાવથી, સા ૦ જાણો જાણ સુજાણ હો – સ ૦
**મોહન** કહે કવિ **રૂપ**નો, સા ૦ જિનજી ! જીવનપ્રાણ હો—સ ૦.....(૭)

---

૧. ચંદ્ર ૨. સત્પુરુષો સાથે ૩ રજ—ધૂલ ૪. ઝાકલ ૫. મોટાઓ ૬. મોટાઈ ૭. મોટાની સાથે

## કર્તા શ્રી રામવિજયજી મ.

### (અબકો ચોમાસો માહરા પૂજજી રહોને—એ દેશી.)

ભગતિનો ભીનો[1] મારો મુજરો થેં લ્યોને
નેહલે[2] સલૂણો[3] થારો[4] દરસણ દ્યોને,
મોરા દિલમેંરે આવી રહોને,
શીતલજિન ત્રિભુવન ધણી રે, પ્રભુ ! સેવકને ચિત્ત લહોને
દાસ કહાયો આપ સારે, પ્રભુ ! તેહની લાજ વહોને —ભગતિ૦.....(૧)
જાણપણું મેં તાહરૂં રે, પ્રભુ ! તે નવિ દીઠું ક્યાંહિને
મોહન-મુદ્રા દેખીને રે, પ્રભુ ! વસી મુજ હિયડાં માંહિને —ભગતિ ૦.....(૨)
રાત-દિવસ ગુણ જપું રે, પ્રભુ ! બીજું કાંઈ ન સુહાયને[5]
જિમ જાણો તિમ રાખજો રે, પ્રભુ ! હું વળગ્યો તુમ પાયને —ભગતિ ૦....(૩)
નરક-નિગોદતણા ધણી રે, પ્રભુ ! જે તેં ઝાલ્યા બાંહિને
તેહ થયા તુજ સારિખા રે, પ્રભુ ! સેવક કેમ ન ચાહીને —ભગતિ ૦.....(૪)
તુમ દીઠે દુઃખ સવિ વિસર્યા રે, પ્રભુ ! વાધ્યો વધતો વાન રે
**વિમલવિજય** ઉવઝાયનો રે, પ્રભુ **રામ** કરે ગુણગાનને —ભગતિ૦.....(૫)

---

૧. ભરેલો ૨. સ્નેહથી ૩. ભરપૂર ૪. તમારૂં ૫. ગમે

## કર્તા શ્રી રામવિજયજી મ.

(પાટણની પટોળી રાજદ! લાવજો રે લો—એ દેશી)

શ્રી ભદ્દિલપુર વાસી રે સાહિબ માહરા રે,
શ્રવણેં[1] મેં સુણિયા રે ગુણ બહુ તાહરા રે
સુણો મોરા મીઠડા ! શ્રી ભગવંત ! કેવળ[2]—કમળાના હો કંત;
સેવક નિજ ચરણે રે રાજંદ[3] ! રાખજો રે...(૧)

સાતેનેં વળી રાજ રે, રાજંદ ! અળગા વસો રે,
તિહાંકણને[4] આવણને[5] રે મનડું ઉલ્લસે રે
સુણ મોરા સાહિબ ! લાલ ગુલાલ, સેવકને નયણે નિહાળ;
નયણની લીલા રે તારી તારશે રે...(૨)

શ્રી શીતલજિન ! મુજ મનમંદિર આવજો રે
શિવરમણીના રસિયા દિલમાં લાવજો રે
પ્રભુજી મોરા ! તારૂં અકળ સ્વરૂપ, તુજથી અગમ નહી મન રૂપ;
જીવડો લલચાણો પ્રભુજીની સૂરતે રે...(૩)

નેવું ધનુષ પ્રમાણે રે નંદમાતનો રે,
શ્રી વત્સલંછન રે દઢરથ તાતનો રે
પ્રભુ મારા અવધારો ગુણગેહ, જિનજી તુજશું મુજ મન નેહ,
નેહલડાની વાતું રે રાજંદ ! દોહલી રે...(૪)

વિનતડી સાંભળીને રે સ્હામું ભાળજ્યો રે,
ભવભવના પાતક રે અળગા[6] ટાળજ્યો રે

પ્રભુ મોરા ! તુમ છો ગરીબનિવાજ, શ્રીગુરૂ **સુમતીવિજય** કવિરાજ;
બાળક સેવકને લેખે આણજયો રે...(૫)

૧. કાનથી ૨. કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીના ૩. રાજાઓના ઈન્દ્ર=મહારાજા ૪. ત્યાં ૫. આવવા ૬. દૂર

## કર્તા શ્રી કાંતિવિજયજી મ.

### (બેડલે ભાર ઘણો છે રાજ—એ દેશી)

રામાનંદન પાપ-નિકંદન, શીતલ શીતલ-વાણી
બલિહારી લ્યો મોહન ! તાહરી, ભાવભગતિ ચિત આંણી ૦.....(૧)
મીઠડા મુજ લાગો છો રાજ ! તુમ સેવામાં રહેશું,
ખાંતે[1] ખિજમતિ કરતાં ખાસી, જે કહિશો તે સહેશું મી ૦.....(૨)
મહિમાસાગર દેવ દયાકર, રાજ ! રૂચો છો અમને
વિકટી[2] દૂરે કરશ્યો તોહિ, છોડીશું નહિ તુમને-મીઠડા ૦.....(૩)
દિલરંજન ખિણ દિલમાં આવી, દૂર રહો છો હટકી,
નાચત રસભરી લાજ વિરાજે, કહો કિણપરે ઘુંઘટકી ? — મીઠડાં ૦.....(૪)
આલિયમ[3] રૂપથકી તું ન્યારો, માલ્યમ[4] ભવસાગરનો,
આલિમ રહિત મહીતણો નાયક, જાલિમ મુગતિ—નગરનો—મીઠડા ૦.....(૫)
છેદે દુરિત[5] ભવ-ભય ભેદે, તુજ કરૂણાનો અંશ
પ્રેમ સરોવરમાં ઈમ ઝીલે, **કાંતિ** ધવલ ગુણ હંસ. મી ૦.....(૬)

૧. ખંતપૂર્વક ૨. આપત્તિ ૩. જગતના ૪. વહાણનો કપ્તાન ૫. પાપ

## કર્તા શ્રી ન્યાયસાગરજી મ.

(નિજભર જોવો ક્યું નહિ-એ દેશી)

નિજરી ભરી જોવો કયું નહિ રાજ હો, મારા રાજ !
થેં માંને પ્યારા લાગો વાલ્હા લાગો,
આછા લાગો; નીકા[1] લાગો—થેં મારા ૦
શ્રી શીતલજિન સાહિબા રે, કાંઈ ! અરજ કરૂં મહારાજ – થે ૦.....(૧)

હું સેવક છું તાહરો રે, કાંઈ ! સુણિયેં ગરીબ—નિવાજ—થે ૦
અંતરયામી ઓલગું[2] રે, કાંઇ રાત-દિવસ દિલ માંહી—થે ૦
તુમ્હે દરશન બિન ક્યું સરે રે ?, કાંઇ ! શિવરમણી કર સાહી – થે ૦.....(૪)

એક ઘડી પણ વિરહની રે, કાંઈ ! વેદન મેં[3] ન ખમાય – થે ૦
સઘળી મનની વાતડી રે, કાંઈ ! કહિયે જિમ સુખ થાય – થે ૦
જો તુમ છોડો સાહિબારે, કાંઈ ! મેં છોડાં નહિ રાજ – થે ૦
ચરણ શરણ થાહરો કિયો રે, કાંઈ ! નિજ સેવક તુમ લાજ – થે ૦.....(૮)

થેં છો માહરા સાહિબા રે, કાંઈ ! મેં છાં થાહરા દાસ ૦ – થે ૦
**ન્યાયસાગર** પ્રભુ વિનવે રે, કાંઈ ! આપો શિવપુર—વાસ—થે ૦

---

૧. સારા ૨. સેવું ૩. મારાથી

## કર્તા શ્રી પદ્મવિજયજી મ.

(વારી હું ગોડી પાસની—એ દેશી)

શીતલનાથ સુહંકરૂં, નમતાં ભવભય જાય—મોહન
સુવિધિ-શીતલ વિચે આંતરો, નવ કોડી સાગર થાય—મો૦શી૦.(૧)
વૈશાખ વદિ છઠેં ચવ્યા, મહા વદિ બારસે જન્મ-મો૦
નેઉ ધનુષ સોવન વાને, નવિ બાંધે કોઈ કમ્મ—મો૦શી૦.(૨)
મહા વદિ બારસે આદરી, દીક્ષા દક્ષ જિનંદ—મો૦
પોસ અંધારી ચૌદશેં, ઉગ્યો જ્ઞાનદિણંદ—મો૦શી૦.(૩)
લાખ પૂરવનું આઉખું, બીજ વૈશાખ વદિ માસ—મો૦
અજરામર સુખિયા થયા, છેદ્યો ભવભય પાશ—મો૦શી૦.(૪)
એ જિન-ઉત્તમ પ્રણમતાં, અજરામર હોયેં આપ-મો૦
પદ્મવિજય પ્રભુ આગમે, એહવી દીધી છાપ—મો૦શી૦.(૫)

## કર્તા શ્રી પદ્મવિજયજી મ.

(અમ્હ ઘર માંડ વસીઆ લોએ-એ દેશી)

શીતલજિનપતિ સેવીયેંએ, શીતલતાનો કંદ,
સાહિબ ! શિવસુખકરૂ એ.
પ્રતિ-પ્રદેશ અનંત-ગુણાએ, પરગટ પુરણાનંદ—સા૦
એક પ્રદેશે નભતણે એ, દેવ સમૂહ સુખ વ્યાપી—સા૦
ત્રાણ કાલ ભેલું કરીએ, અસત-કલપનાયેં થાપી—સા૦
ઈમ આકાશ પ્રદેશ જે છે, લોકાલોકના તેહ—સા૦

થાપતાં સંપૂર્ણ હોઈએ, અનંત ગુણ એમ એહ—સા૦
તે સુખ—સમૂહ તણો વળીએ, કીજે વર્ગ ઉદાર—સા૦
તેહનો વર્ગ વળી કરોએ, એમ વર્ગ કરો વારંવાર—સા૦
અનંત-વર્ગ-વર્ગે કરીએ, વર્ગિત સુખ-સમુદાય—સા૦
અવ્યાબાધ સુખ આગળેં એ, પણ અતિ ઉણમ થાય—સા૦
મ્લેછ નગર-ગુણ કિમ કહે એ, અન્ય—મ્લેછપુર[1] તેહ—સા૦
તિમ ઓપમ વિણુ કિમ કહું ! શીતલજિન સુખ જેહ—સા૦
આવશ્યક—નિર્યુક્તિએ, ભાખ્યો એ અધિકાર—સા૦
કરતાં સિદ્ધિ ભણી તિહાંએ, ઉત્તમ અતિ નમસ્યકાર—સા૦
એમ અનોપમ ભોગવો એ, જિન-ઉત્તમ મહારાજ—સા૦
તે શીતલ સુખ જાચીયેં એ, પદ્મવિજય કહે આજ—સા૦

૧. ૦ની આગળ

## કર્તા શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

**(આઘા આમ પધારો પૂજ્ય અમઘર વ્હોરણ વેલા—એ દેશી)**

શીતલ જિન વિભુ આતમ શુદ્ધતા, સકલ દ્રવ્યથી ન્યારી,
જસ ગુણ ગ્યાન તણે અનુસારે, સર્વ પદાર્થ પ્રચારી,
ધારો વિનતિ શીતલદેવા, નેહનજરથી નિહાલો....(૧)
ધર્મ અધર્મ આકાશ સમય વળી, પુદગલ ચેતન એહ,
પંચ અચેતન એક જ ચેતન, જસ નહી આદિ ન છેહ—ધારો૦(૨)
ગતિથિતિ હેતુ ધર્મ અધર્મા, જીવ પુદગલને હોવે,
સર્વ દ્રવ્ય અવકાશન[1] કારણ, તેહ આકાશ કહાવે—ધારો૦(૩)

સમયાદિક તે કાળ વખાણ્યો, પૂરણ ગલન સ્વભાવે,
ખીર-નીર પરે ચેતન મળી રહે, તેહજ પુદગલ કહાવે—ધારો૦(૪)
જીવ અરૂપી કર્મકી ઓટમેં, ઘટાકાશ ઘટમાંહે
કર્તા ભોક્તા રમતો વિભાવે, ગ્રહે ઉપાધિ વડછોં હે—ધારો૦(૫)
ખટ દ્રવ્ય ગુણપર્યાયથી ભિન્નતા, પ્રતિ પ્રદેશે અનંતી,
પ્રભુને પ્રત્યક્ષ પ્રમાણે પ્રગટી, આતમ ગુણ વિકસંતી—ધારો૦(૬)
એહવી શુદ્ધતાનેં અવલંબે, દુખ દોહગ સવિ ભાંજે,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** જિનવરથી, દેવદુદુંભિ રવ ગાજે—ધારો૦(૭)

૧. અવગાહના

## કર્તા શ્રી કીર્તિવિમલજી મ.

શીતલ જિનવર સાહિબ વિનવું, વિનતડી અવધાર
ભવ-મંડપમાં રે ફરી ફરી નાચતાં, કિમઈ ન આવ્યો પાર —શીતલ૦(૧)
લાખ ચોરાશી રે યોનિમાં વળી, લીધાં નવ-નવ વેષ
ભમંત ભમંતા રે પુણ્યે પામીઓ, આર્ય માનવ વેષ—શીતલ૦(૨)
તિહાં પણ દુર્લભ જ્ઞાનાદિ સાંભળી, જેથી સીઝે રે કાજ
તે પામીને ધર્મ જે નવિ કરે, તે માણસને રે લાજ—શીતલ૦(૩)
જ્ઞાન-દર્શન-ચારિત્ર ભલું, જે એહ પામે રે સાર
તેહ ભવિકજન નિશ્ચય પામશે, વહેલો ભવનો પાર—શીતલ૦(૪)
તુમ્હ સેવાથી રે સાહિબ ! પામીઓ, અવિચળ પદવીવાસ
ઋદ્ધિ-કીર્તિ રે અનંતી થાયે, આપે શિવ-પુર વાસ—શીતલ૦(૫)

## કર્તા શ્રી દાનવિમલજી મ.

શીતલ જિનવર સ્વામીજી, હું તો જાઉં તુજ બલિહારી રે
ગર્ભ થકી નિજ તાતની, તેં તો વેદના તાપ નિવારી રે....(૧)
મીઠી વાણી તાહરી જાણે, શાંત સુધારસ ધારા રે
પર મત મીઠા બોલના, એ આગલે શા તસ ચારા રે....(૨)
પેખી વદન નયણાં ઠરે, જેમ દર્શન ચંદ ચકોરા રે
કહે તો કહીને દાખવું, ઇણ જીભે સાહિબ મારા રે....(૩)
જાણ આગળ કહેવો કિસ્યો નહીં જસ વાત અજાણી રે
લોકાલોક વિચારણા, ધારક કેવળ નાણી રે....(૪)
અજ્ઞાની જ્ઞાની તણો, લેખવે મનમાં આજો રે
દાન દયા કરી આપો, વિમલ મને સુખ ઝાઝો રે....(૫)

## કર્તા શ્રી વિનીતવિજયજી મ.

(દેશી-પાહુણડાની)

સાહેબજી રે તું નિસનેહી દેવ, નેહ નવલ હોયે કિમ સહી રે
જિનવરજી રે જલીજલી મરે રે પતંગ, દીપકકે મનમાં નહીં રે—સા૦(૧)

જિમ કુસુમ માંહિ વાસ, જિમ ચંદન શીતલપણું રે—જિન ૦
જિમ ધૃતમહિ સનેહ, ઇમ રહીયે તો સુખ ઘણું રે—સા૦(૨)

તુમ ગુણ માલતી ફૂલ, મુજમન ભમરો મોહી રહ્યો રે—જિન ૦
નંદામાતા નંદ, જગદાનંદન તું કહ્યો રે-સા૦(૩)

દઢરથનરપતિવંશ ઉદયો અભિનવ દીવડો રે-જિન ૦
શીતલનાથ શિવસાથ, **શીતલ** દરિશણ દીઠડો રે—સા૦(૪)
તાહરૂં સોવનવાન શરીર, નેવું ધનુષનું જાણીયે રે-જિન ૦
**મેરૂવિજય** ગુરૂશિષ્ય, **વિનીતવિજય**ને માનીયે રે—સા૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-રામકલી)

આજ મેં દેખે નંદાજુકે નંદા;...........આજ૦
સુરપાદપ સુરમણિ સુરઘટ સોં, પાયો દરસ સુખકંદા-આજ૦(૧)
નવનિધિ અષ્ટ મહા સિદ્ધિ પ્રગટી, નિરખત તુજ મુખચંદા
કરમભરમ-તમ દૂર પલાએ, ઉદયો જ્ઞાનદિનંદા—આજ૦(૨)
અબ મુજ કારજ સિદ્ધ ભએ સબ, ફરસત પયઅરબિંદા
શીતલજિન કરૂણા કર દીજે, **અમૃત** પદ બકસંદા[૧]-આજ૦(૩)

## કર્તા શ્રી પ્રમોદસાગરજી મ.

(ગોડી મન લાગ્યું એ દેશી)

શીતલનાથ[1] સુખંકરૂ, શીતલ વચન રસાળ રે જિનશું દિલ લાગ્યું
શીતલતા નયણે થઈ, જિનપતિ વદન[1] નિહાળ રે-જિન૦૧
ભદ્દિલપુરી[2] નામે નગરી, દઢરથ[3] રાજા ધીર રે-જિન ૦
નંદારાણી[4] જનમીઓ, શ્રીવત્સ[5] લંછન વીર રે-જિન૦૨
જીવિત[6] પૂરવ લાખનું, નેઉ ધનુષ તનુ[7]-માન રે-જિન૦
એકાશી ગણધર[8] મુનિ, ચામીકરસમ[2] વાન[9] રે-જિન૦૩
વાચંજમ[10] લખ જેહને, બ્રહ્મેશ્વર [11] જસ યક્ષરે–જિન૦
દેવી અશોકા[12] દીપતી, મહીમા જાસ પ્રત્યક્ષ રે–જિન૦૪
એક લખ ખટ સહસ સાહુણી, [13] સાધે નિજ વર કાજ રે-જિન૦
**પ્રમોદસાગર** ભગતિ ભણે, દેજો અવિચલ રાજ રે-જિન૦૫

---

૧. મુખ ૨. સોના જેવી

## કર્તા શ્રી ભાણચંદ્રજી મ.

(ભોળીડા હંસા ! વિષય ન રાચીએ-એ દેશી)

સહેજે શીતળ શીતળ-જિન તણી, શીતળ વાણી રસાળ ।
વદન-ચંદ્રબરાસ અધિક સુણી, સમજે બાળ ગોપાળ-સહેજે૦॥૧॥

મર્મ ન ભાખેરે સંશય નવિ રાખે. દાખે ભવજળ દોષ ।
રાગાદિક મોષક[૧] દૂરેં હરે, કરે સંયમનોરે પોષ-સહેજે૦॥૨॥

સુર નર તિરિગણ મન એકાગ્રથી, નિસુણે હર્ષ અપાર ।
વૈર વિરોધ ન ભૂખ તૃષા નહીં, વળી નહીં નિદ્રા લગાર-સહેજે૦॥૩॥

સહુને સુણતાંરે હર્ષ વધે ઘણો, ઉત્તમ અધિક ઉચ્છાહ ।
તૃપ્તિ ન પામેરે સ્વાદુપણા થકી, જિહાં લગી ભાખેરે નાહ-સહેજે૦॥૪॥

તાપ મિટે સવિ વિષય કષાયનો, શીતળ હુવે ભવિ મન્ન ।
અમૃત-પાન તૃપ્તિ જિમ સુખ લહે, વહે જનમ ધન્ન ધન્ન-સહેજે૦॥૫॥

ભવદવ તાપ નિવારો નાથજી, દ્યો શીતળતારે સાર ।
વાઘજી મુનિનો ભાણ કહે પ્રભુ । જિમ લહું સુખ અપાર-સહેજે૦॥૬॥

---

૧. ચોર

## કર્તા શ્રી ખુશાલમુનિજી મ.

### (આંગણે ઉભા કાનજી ને ગરબે રમે ગોપી રે-એ દેશી)

દશમા શીતળનાથ સેવો ભવિકા, રૂડે ભાવરે,
તેહશું અંતર કેમ રખાયે, જેહશું નેહ જમાવરે ।
દાતા એહવું નામ ધરાવે, કોઈ ગુમાની ભૂપરે,
તું તો ખીર સમુદ્ર સરિખો, મેં તો ખાલી કૂપરે....॥૧॥

ઓર ખજુઆ તગતગે, વળી તું તો તેજે ભાણરે,
ગિરૂઓ જાણી આદર્યો મેં, મનમાં મહેર આણરે, ।
દુઃખડાં માહરાં દૂર ટાળો, પાળો મહારાજ રે,
સહજે હેતે નૈન નિહાળો, રાખો માહરી લાજરે....॥૨॥

કરૂણાવંત કહાવે તું તો, હું તો કરૂણા ઠામ રે,
કરજે વેગે સાહિબિયાને, આપી જે ઇનામ રે ।
અંતરજામી માહરો તું આતમ આધારરે,
મનની જાણે વાતડી તો, શે ન કરે ઉપગારરે....॥૩॥

તું છે માહરો નાથજીને, હું છું તાહરો દાસરે ।
મનને મોજે મુજને આપો, સારૂં સુખ વિલાસરે ।
શીશ નમાવી તુજને ભાખું, સુણ તું દીન દયાળરે ।
નામ તુમારો જપવાનો ઘણો, ઋષિ ખુશાલને ઢાલરે...॥૪॥

## કર્તા શ્રી ચતુરવિજયજી મ.

### (સાહેબ બાહુ જિણેસર વિનવું-એ દેશી.)

હે ! સાહિબ ! શ્રી શીતલજિન ભેટિયે. મેટિયે સવિ દુખદંદ હો;
સા ૦ સુ-નજરે કૃપાથકી ઉદયો જ્ઞાન-દિણંદ હો-સા૦શ્રી૦॥૧॥

સા ૦ પાર ન પામીએ જેહનો, તે કહો અવદાત હો;
સા ૦ અક્ષય દોય રેફે કરી, જાણ્યો મેં એહ વિખ્યાત હો-સા૦શ્રી૦॥૨॥

સા ૦ એ રિદ્ધ એ સિદ્ધ એહથી, આવે સઘળી આથ હો;
સા ૦ કરે કર જે ઉપરે, તે લહે હાથોહાથ હો-સા૦શ્રી૦॥૩॥

સા ૦ શીતલે શીતલતા હોવે, હોવે તે સુખવિલાસ હો;
સા ૦ નયણ કમલ નિરખતાં, વરષતાં ઉદય ઉલ્લાસ હો-સા૦શ્રી૦॥૪॥

સા ૦ દઢરથરાજા-નંદાજળે, ભદ્દીલપુરે અવતાર હો;
સા ૦ શ્રીવત્સલંછન જસ સદા, પ્રણમું પ્રેમે પાય હો-સા૦શ્રી૦॥૫॥

સા ૦ વાણી એ સુરતરૂ વેલડી, પ્રગટે પ્રેમની પાળ હો;
સા ૦ સુજસ ચતુર તે એહને, મહોદય દીજે દયાળ હો-સા૦શ્રી૦॥૬॥

## કર્તા શ્રી દેવચંદ્રજી મ.

### (આદર જીવ ક્ષમાગુણ આદર એ દેશી)

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહી ન જાયજી
અનંતતા નિર્મ્મલતા પૂર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી-શી૦॥૧॥
ચરમ-જલધિ-જલત્મિણે અંજલિ, ગતિ જીપે અતિ-વાયજી ।
સર્વ-આકાશ ઉલ્લંઘે ચરણે, પિણ પ્રભુતા ન ગિણાયજી-શી૦॥૨॥
સર્વ-દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ-પર્યાયજી ।
તાસ વર્ગથી અનંતગુણો પ્રભુ ! કેવલજ્ઞાન કહાયજી-શી૦॥૩॥
કેવલદર્શન એમ અનંતો, ગ્રહે સામાન્ય-સ્વભાવજી ।
સ્વ-પર અનંતથી ચરણ અનંતો, સ્વ-રમણ (સમરણ) સંવર-ભાવજી૦શી૦॥૪॥
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ-ભાવ ગુણ, રાજનીતિ એ ચ્યારજી ।
ત્રાસ વિના જડ-ચેતન પ્રભુની, કોઈ ન લોપે[1] કારજી-શી૦॥૫॥
શુદ્ધાશય થિર પ્રભુ-ઉપયોગ, જે સમરે પ્રભુ-નામજી ।
અ-વ્યાબાધ અનંતો પામે, પરમ-અમૃત-સુખ-ધામજી-શી૦॥૬॥
આણા ઈશ્વરતા નિર-ભયતા, નિરવાંચ્છકતા રૂપજી ।
ભાવ સ્વાધીન તે અવ્યય-રીતે, ઈમ અનંત ગુણ-ભૂપજી-શી૦॥૭॥
અવ્યાબાધ સુખ નિરમલ તે તો, કારણ જ્ઞાન ન જણાયજી ।
તેહજ એહનો જાણજ ભોક્તા, જે તુમ્હ સમ ગુણ રાયજી-શી૦॥૮॥
ઈમ અનંત-દાનાદિક નિજ ગુણ, વચનાતીત-પંડુરજી ।
વાસન ભાસન-ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી-શી૦॥૯॥

સકળ પ્રત્યક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણ ગાયજી ।
બીજુ કાંઈ ન માંગુ સ્વામી, એહ છે મુજ કામજી-શી૦॥૧૦॥
ઇમ અનંત પ્રભુતા સદ્દહતાં, અરચે જે પ્રભુ રૂપજી ।
**દેવચંદ્ર** પ્રભુ પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી-શી૦॥૧૧॥

---

૧. મર્યાદા

## કર્તા શ્રી જીવણવિજયજી મ.

### (આંખડિયે મેં આજ શેત્રુંજો દીઠો રે, એ દેશી)

શીતલ શીતલ છાયા રે-સુરતરૂ સારી રે ।
લાગી છે મન શુદ્ધ માયા રે-પ્રાણથી પ્યારી રે ॥
પૂરણ-પુણ્યે હું પાસ તુમારે, વ્હાલા મારા ! આવ્યો છું આશ-કરીને ।
રંગ-વિલાસ કરો મન રૂડે, હિયડે હેત ધરીને રે- સાહેબ સાચો રે ।
પામીને પરતક્ષ સાંઈ રે, ઓર મત જાચો રે૦...॥૧॥
આશાને આધારે [1]એતા, વ્હા૦ મેં તો [2]દુષ્કૃત દિન બહુ કાઢયા ।
જાણ થકાં તે કાં નવિ જાણો, રાગી છો ધર્મ-ધનાઢયા રે, સાહેબ૦...॥૨॥
ભક્ત મનો-ગત ભાવ જાણો છો, વ્હા૦ તો મુખ કાં નવિ બોલો !
વહતી[3] વેલા જાણી [4]વેગે, અંતર પડદો ખોલો રે-સાહેબ૦...॥૩॥
ગાંઠ તણો કાંઈ [5]ગરથ ન બેસે, વ્હા૦ અનુકૂલ અમને દેતાં ।
દૂષણ લાગે તો પણ દાખે; નેહ નજર ભરી જોતાં સાહેબ૦... ॥૪॥
પંચમ-ગતિ દાયક પ્રભુ પામી, વ્હા૦ અવર ન બીજો જાચું ।
નવ નિધિ **જીવણ** નિત્ય ઘર આવે, નામ શીતલનાથ-સાચું રે-સાહેબ૦॥૫॥

---

૧. આટલા ૨. દુઃખના ૩. જઈ રહેલ ૪. જલ્દી ૫. પૈસો

## કર્તા શ્રી દાનવિજયજી મ.

### (અજિત જિણંદશું પ્રીતડી)

શીતલ-જિનની સાહ્યબી, સાંભળતાં હો ! સહુને સુખ થાય કે
વૃક્ષ અશોક વિરાજતો, શિર ઉપરે હો ! જસ શીતલ છાંય કે-
સાહિબ એહવા સેવિયે, જસ સોહે હો ! પ્રાતિહાર જ આઠ કે-સા૦।।૧।।

ફૂલ- [૧]પગર ઢીંચણ લગે, બહુ પરિમલ હો ! મધુકર ઝંકાર કે।
દિવ્ય-ધ્વનિ તિમ દીપતી, એક યોજન હો ! જેહનો વિસ્તાર કે-સા૦।।૨।।

ઉજ્જવલ [૨]અમર-નદી જિસ્યાં, ચિહું પાસે હો ? ચઉ ચામર ઢલંત કે।
કનક ઘડયું રયણે જડયું, સિંહાસન હો ! પ્રભુને સોહંત કે-સા૦।।૩।।

શિર પૂંઠે સૂરજ પરે, ભામંડલ હો ! ઝળહળ ઝલકંત કે।
[૩]અણવાઈ અંબર તલે, સુર-દુંદુભિ હો [૪]સખરી વાજંત કે-સા૦।।૪।।

છત્રત્રય શિર-ઉપરેં, અતિ ઉજ્જવલ હો ! જસ કાંતિ અપાર કે।
તે જિનવર મુનિ-દાનને, આપો ! આપો ! હો ! નિજ પદ અધિકાર કે-સા૦।।૫।।

---

૧. ઢગલા ૨. ગંગા નદી ૩. વગાડનાર વગર (આપોઆપ) વાગતી ૪. સુંદર

## કર્તા શ્રી મેઘવિજયજી મ.

### (ધરમ જિનેસર ગાઉ રંગશું-એ દેશી)

શીતલ શીતલ ઉપશમ આદરે, દશમો જિણંદ દયાલ-શુભંકર ।
ભવ-ભય-ભંજન રંજન જન તણો, મુનિ-મન-કમલ-[1]મરાલ-જયંકર-
નંદા - નંદન દેવ જિનેસરૂ....।।૧।।

જિમ જિમ કીજે દરિસણ જિન તણો, તિમ તિમ તેજ પ્રસાર-શુભંકર ।
[2]એક-તારીશું જે પ્રભુ [3]ઓળગે, અધિકો તસ અધિકાર-જયંકર-નંદા૦....।।૨।।

જે તુજ ચરણે શરણે આવીયા, તેહને કીધ પસાય-શુભંકર ।
આપસમો વડ દિલ દેઈ ધણી, થાપ્યા ત્રિભુવનરાય-જયંકર-નંદા૦....।।૩।।

તુજ દરબારે રેખ ઈસી પડે, કીજે રંકને રાજ-શુભંકર ।
સાચું સાહિબ બિરૂદ વહે સહી, નાથ ગરીબ-નિવાજ-જયંકર-નંદા૦....।।૪।।

અંતર-દુશ્મન દૂર કરી સહુ, આપો અરિહંત ! સિદ્ધિ-શુભંકર ।
**મેઘ**-મહોદધિ મોટા રાજવી, તુઠા હુએ નવ નિધિ-જયંકર-નંદા૦.....।।૫।।

---

૧ રાજહંસ ૨ એક ધ્યાનથી ૩ સેવે

## કર્તા શ્રી કેશરવિમલજી મ.

(વિહરમાન ભગવાન સુણો મુજ વિનંતિ-એ દેશી)

દશમો દેવ દયાલ [1]મયાલ મનોહરૂ,
નયણાનંદ જિણંદ [2]અ-મંદ [3]સુહંકરૂ ।
સેવીજે સુખદાય સુરાસુર-શિર-તિલો,
શીતલ શીતલ વાણી ગંભીર ગુણે નીલો...॥૧॥

શીતલ ચંદન ચંદ જયું દરિસણ તુમ તણો,
નિરખી નિરખી જિન-નાહ હૈયે આનંદ ઘણો ।
ધન-ધન દિન મુજ આજ ! દીઠો મુખ તુજ તણો,
સુરતરૂ-સુરમણિ જેમ મનોરથ-પૂરણો...॥૨॥

તું પ્રભુ ! રયણનિધાન પ્રધાન-ગુણે કરી,
દ્યો એક સમકિત રયણ ! વયણ મુજ મન ધરી ।
ભવ-ભવ-ભાવઠ દૂર સાંઈ કરૂણા કરે,
રવિ-મંડલ જયું [4]તિમિર-નિકર દૂરે હરે...॥૩॥

મુજ મન નિવાસી [5]આપ ભગતિ પ્રભુ ! તુમ તણી,
તુજ દરિસણકી ચાહ તેણે મુજ મન ઘણી ।
દ્યો દરિસણ સુપ્રસન્ન મનોરથ પૂરવો,
[6]ગુણ-ઘાતક જે પાપ તે મુજ ચૂરવો...॥૪॥

સુણ શીતલ ! જિનભાણ ! સુજાણ ! સુહંકરૂ !
દઢરથ-રાય-કુલચંદ ! નંદા-નંદન ! વરૂ ।

કહે કેશર જિનનાહ ! કહું એક તુજ ભણી,
આપણો જાણી જિણંદ ! મયા કરજો ઘણી....॥૫॥

૧. કરૂણા ભરપૂર ૨. અત્યંત ૩. સુખ કરનાર ૪. અંધકાર સમૂહ ૫.પોતાની મેળે ૬. આત્મ ગુણનો ઘાત કરનાર જે પાપ = મોહાદિ દૂષણો

## કર્તા શ્રી કનકવિજયજી મ.

("દેશી મન ભમરા રે")

શીતલ-જિન-મુખ-પંકજઈ-મન ભમરા રે,
લીનો દેખી સરૂપ લાલ-મન ભમરા રે।
પરમાનંદ પર [1]રૂઅડું-મન૦,
પરિમલ જાસ અનૂપ લાલ-મન ભમરા રે..॥૧॥

[2]જેહ પ્રકાશ રહઇ સદા-મન૦, નવિ હુઇ કહિઇ મલિન-લાલ-મન૦
અવર પંકજ એ સમ નહી, જે ચંદ-કિરણ કરી હીન-લાલ-મન૦...॥૨॥

રંગઈ રાચ્યો સૂખડઈ-મન૦, રસ વશ રસિઓ એમ-લાલ-મન૦।
અવર ન કો તુઝનઇં ગમઇ-મન૦ પ્રગટયો પૂરણ પ્રેમ-લાલ-મન૦...॥૩॥

અહનિશિ લોભામણો રહઈ-મન૦ આલસ અલગો નિષેધી-લાલ-મન૦।
સુમન સકલ દૂરઇં તજી-મન૦, વેધાણો ઇણિ વેધી-લાલ-મન૦...॥૪॥

જ્ઞાતા-જ્ઞેય બેહુ મિલ્યઈ-મન૦, સીઝઈ વંછિત કામ-લાલ-મન૦।
**કનકવિજય** સુખ પામીઈ-મન૦, પામીઈ અવિચલ-ઠામ-લાલ-મન૦...॥૫॥

૧. સરસ ૨ જે (પ્રભુનું મુખકમલ) સદા ખીલેલું રહે તથા ક્યારેય મલિન ન થાય તેમજ ચંદ્રના કિરણથી શોભા વગર થતું નથી, માટે બીજા કમલ જેવું આ કમળ નથી, (બીજી ગાથાનો અર્થ)

## કર્તા શ્રી રૂચિરવિમલજી મ.

(ઢાલ-યાદવજીના ગીતની)

ત્રિભુવન જન સ્વામી તું શિવ ગઈ ગામી દેવ રે-શીતલજી!
પ્રભુ અંતરયામી પુણ્યેં કરી પામી સેવરે-શીતલજી
દાયક શિવ-કામી, સેવું સિર નામી નિત્ત રે-શીતલજી
સુખ-સંપત્તિ ધામી, તુમ સમ નહી નામી મીત્તરે-શીતલજી-
શીતલજી રે, સુસનેહીરેં, ગુણ ગેહીરે-શીતલજી૦ ॥૧॥
મુઝ માનસ નેહ, જયો લેહારે, હારિતસુ. શીતલજી
ધરતી જિમ ત્રેહા, પાય-પાણી જિહાં હિતસુ-શીતલજી૦
કોમલ દલ દેહા, સુણ સુગુણ-સનેહા સંતજી-શીતલજી૦
રાખો રંગ રેહા, મતિ દાખો છેહા મિત્તજી-શીતલજી૦.॥૨॥
સાહિબ છો સાચા, મત ! થાઉ કાચા વાચથી-શીતલજી૦,
સહુઈ જગ જાચૈહી રે,પ્રભુ રાચે સાચથી-શીતલજી૦
પાંચેં મન માચૈ, કાચેં નવિ રાચે નેહથી-શીતલજી૦
પ્રભુ દરસણ વાંછૈ મોરા જિમ નાચેં મેહથી-શીતલજી૦.॥૩॥
પ્રભુશું લય લાગી, સુમતિ મતિ જાગી ભાગથી-શીતલજી૦
હું છું તુમ રાગી, તું નિપટ નિરાગી રાગથી,-શીતલજી૦
સેવક અનુરાગી, પ્રેમ રસસું પાગી પ્રીતડી-શીતલ૦
દૂરગતિ દુઃખ ત્યાગી, સાહિબ સોભાગી રીતડી-શીતલજી૦.॥૪॥
પ્રભુ તો પર વારી, જાઉં બલિહારી તાહરી-શીતલજી૦,
ન કરૂં ખિણ ન્યારી, જીવનથી પ્યારી માહરી-શીતલજી૦

કહે રૂચિર સંભારી, ચરણે ચિત્ત ધારી રાખીએ-શીતલજી૦,
સુખ-સંપત્તિ સારી, દિન દિન વિસ્તારી આપીએ-શીતલજી૦।।૫।।

## કર્તા શ્રી ભાવપ્રભસૂરિજી મ.

(ગિરિથી નદીયાં ઉતરઈ રે લો-એ દેશી)

શીતલજિન તુઝ મૂરતિ રે લો,
લોભાણાં મુઝ નયણ રે-સ-સનેહી નાથ !।
શાંત-મુદ્રા શોભે ઘણી રે લો,
પ્રભુ સયણાંનો સયણ રે-શીતલ૦।।૧।।
રુચિ જાગી તુઝ શાસનઇં રે લો !
તુંહીજ મ્હારે સ્વામિ રે-સ-સનેહી !।
આપો સમકિત-સુખડી રે લો !,
જે ન પમાડે [1]નામ રે-સ-સનેહી !-શીતલ૦।।૨।।
હું આવ્યો આશા-ભર્યો રે લો !
ન કરો મુઝને નિરાશ રે-સ-સનેહી !।
આપો અમ્હ [2]યોગ ચાકરી રે લો !
કરો હજૂરી દાસ રે-સ-સનેહી !-શીતલ૦।।૩।।
હું છડીદાર સ્વામી તણો રે લો !
કુણ કરઈ ! મુજસ્યું જોર રે-સ-સનેહી !
ત્રાસ પામઈ તુમ્હ તેજથી રે લો !,
વિષય-કષાય જે ચોર રે-સ-સનેહી !-શીતલ૦।।૪।।

એહ [3]પ્રસાદ જિણંદનો રે લો !
જિહાં જાયું તિહાં લહ્યું માન રે-સ-સનેહી !
શ્રી **ભાવપ્રભસૂરિ** કહઈ રે લો !
શિવ - સુખ આપો પ્રધાન રે-સ-સનેહી ! - શીતલ૦ાાપાા

---

૧. દુઃખ ૨. લાયક ૩. મહેરબાની

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

### (સિદ્ધારથના રે નંદન વિનવું-એ દેશી)

શીતલ-જિનવર સાહિબ વિનવું, વિનતડી અવધાર ।
ભવ-મંડપમાં રે ફિરી ફિરી નાચતાં,
કિમીય ન આવ્યો રે પાર -શીતલ૦ાા૧ાા

લાખ ચોરાશી રે જોણીમાં વલી, લીધા નવ-નવ-વેશ ।
ભમત ભમતાં રે પુણ્યે પામીઓ, આરય માનવ-વેશ-શીતલ૦ાા૨ાા

તિહાં પણિ દુલ્લભ જ્ઞાન-દિશા ભલી, જેહથી સીઝંઈ રે કાજ ।
તે પામીનઇં રે ધરમ જે નવિ કરઇં, તે માણસને રે લાજ-શીતલ૦ાા૩ાા

જ્ઞાન-દરશન-ચારિત્ર ભલું, જે એહ પામઇં રે સાર ।
તેહ ભવિક-જન નિશ્ચય પામસ્યઇં, વેહલો ભવનો રે પાર-શીતલ૦ાા૪ાા

તુમ સેવાથી સાહિબ પામીઓ, અ-વિચલ-પદ-નિવાસ ।
ઋદ્ધિ-અનંતી રે **કીર્તિ** થાપીઇં, આપો શિવપુર-વાસ-શીતલ૦ાાપાા

## કર્તા શ્રી રત્નવિજયજી મ.

(શ્રી સુપાસ-જિન વંદીએ, સુખ સંપત્તિનો હેતુ-લલના)

શીતલ-જિનપતિ સેવીયે, દશમો દેવ દયાલ-લલના ।
શીતલ નામ છે જેહનું, શરણાગત-પ્રતિપાલ-લલના-શી૦॥૧॥
બાહ્ય-અભ્યંતર શીતલું, પાવન પૂરણાનંદ-લલના ।
પ્રગટ પંચ-કલ્યાણકે, સેવે સુર-નર-વૃંદ-લલના-શી૦॥૨॥
વાણી સુધા-રસ-જલનિધિ, વરસે જ્યું જલધાર-લલના ।
ત્રિગડે ચઉમુખ દેશના, કરતા ભવિ-ઉપગાર-લલના-શી૦॥૩॥
મિથ્યા-તિમિર ઉચ્છેદવા, તીવ્ર-તરણિ સમાન-લલના ।
સમકિત-પોષ કરે સદા, આપે વાંછિત-દાન-લલના-શી૦॥૪॥
અઘ-મોચન અલવેસરૂ, મુજ માનસ-સર-હંસ-લલના ।
અવલંબન ભવિ-જીવને, દેવ માનું અવતંસ-લલના-શી૦॥૫॥
અષ્ટાદશ-દોષે કરી, રહિત થયો જગદીશ-લલના ।
યોગીશ્વર પણ જેહનું, ધ્યાન ધરે નિશદીશ-લલના-શી૦॥૬॥
ધ્યાન-ભુવનમાં ધ્યાઇએ, તો હોય કારજ-સિદ્ધ-લલના ।
અનુપમ અનુભવ-સંપદા, પ્રગટે આતમ-ઋદ્ધ-લલના-શી૦॥૭॥
ક્રોડ-ગમે સેવા જેહની, દેવ કરે કર-જોડ-લલના ।
તે નિર્જરાનું ફલ લહે, કુણ કરે એહની હોડ ?-લલના-શી૦॥૮॥
જિન-ઉત્તમ-અવલંબને, પગ-પગ ઋદ્ધિ રસાળ-લલના ।
રતન અમુલખ તે લહે, પામે મંગળ-માળ-લલના-શી૦॥૯॥

## કર્તા શ્રી માણેકમુનિ મ.

### (ઢાલ-હમીરીઆની-દેશી)

શીતલ સાહિબ ! તુઝ દેશના, શીતલ ચંદન [1] પાહિ-જિણંદા, ।
સાંભલતાં સુખ ઉપજે, ભવિઅણના મન માંહિ-જિણંદા !
-રહો રહો સેવક ચિત્તમેં...॥૧॥
સમતા [2] પીયૂષ-[3]સારિણી, વારણી મમતા જાલ-જિ૦ ।
ભવ-જલ-પાર ઉતારણી, કારણી મંગલ માલ જિણંદા !રહો૦॥૨॥
વિવિધ ભાવ અવતારણી, ધારણી અરથ અનંત-જિણંદા !
વિનય-વિવેક-વધારણી, વારણી દુરિત દુરંત-જિણંદા !-રહો૦॥૩॥
પાંચ-પ્રમાદ નિવારિણી, દોરણી પુણ્ય પવિત્ર-જિણંદા !
દુરગતિ-દુખ-વિદારણી, ઠારણી સજ્જન-ચિત્ત જિણંદા !- રહો૦॥૪॥
અમૃત વાણી એહવી, ભાખી શ્રી ભગવંત-જિણંદા !
**માણેક** મુનિવર મન વસી, વિમલ-ગુણે કરી કંત-જિણંદા-રહો૦॥૫॥

---

૧ જેમ, ૨ અમૃત, ૩ નીક

## કર્તા શ્રી દીપવિજયજી મ.

### (સખી મારી ગરબે રમવા આવો રે, રાણીઓ ટોલે મલી રે લો-એ દેશી)

જગત જિનેસર અંતરજામી રે, જાની સુહંકરુ રે લો;
અલવેસર લાખીણો સ્વામી રે, ગુણ રયણાયરુ રે લો ।
પ્રાણેસર પ્રભુ ચેતન રામી રે, શીતલ જગધણી રે લો,
ચંદન ચંદ થકી અધિકેરી રે, શીતલતા ઘણી રે લો...॥૧॥

લઠ બાહુ પ્રાણત સુરલોક રે, ભોગવીને લીયો રે લો,
ભદ્દિલપુરમાંહિ અવતાર રે, કુલ દીપાવીયો રે લો ।
પૂરવાષાઢા માનવ ગણ છાજે રે, વાનરની જોનિ રે લો,
ધનરાશિ પ્રભુજીયેં નિવારી રે, ચિહું ગતિની જોનિ રે લો.....॥૨॥
જગ ગુરૂ પરણ્યા અતિ ઉછરંગે રે, સંજમ સુંદરી રે લો,
પ્યારો રમણ કરેં તસ સંગે રે, મન મેલી કરી રે લો ।
ચરણ-કરણ રચી ચિત્ર શાલી રે, ધ્યાન [1]પલાંગડી રે લો,
જુગતિ પ્રભુજી નિત્ય [2] આરોગે રે, અનુભવ સુખડી રે લો.....॥૩॥
વિચરતા તીન વરસ વતીત રે, સુખ-સમાધિમાં રે લો,
બેઠા પ્રીયંગુ તરુનેં હેઠે રે, મુનિપતિ શુચિ ધ્યાનમાં રે લો ।
ભવન-દીપક સમ અતિ સુખકારી રે, અપૂરવ જે કહ્યું રે લો,
અનંત-પદાર્થ-પ્રકાશક તેહ રે, નાણ અ-ચલ લહ્યું રે લો.....॥૪॥
તવ મલી ચ્યાર નિકાયના દેવ રે, સમવસરણ રચે રે લો,
ગીત-સંગીત અનેક બજાવે રે સુરરામા નચે રે લો ।
તારી તીન જગતના જીવ રે, મુગતિ પધારીયા રે લો,
તપોધન સહસ તણેં પરિવારેં રે, **દીપે** વધાવીયા રે લો.....॥૫॥

---

૧ પલંગ ૨ વાપરે

## કર્તા શ્રી ધર્મકીર્તિગણિ મ.

શીતલ શીતલ ચંદ, દઢરથ નરવર નંદ (૧) પાણયથી ચવિ આયઉ (૨),
ભદ્દિલપુરી (૩) નંદા જાયઉ (૪) ॥૨૯॥
[1]ઉરુ-જુગઈ સિરિવચ્છ (૫), ભદ્દિલ નાણ [2]હંસ ચ્છ (૬) ।
ધણુ રાશિઇં (૭) રિકખ પવ્વ(૮), આઉઅ ઇગ લખ પુવ્વ (૯) ॥૩૦॥
વાવનિઓ (ધણુ નેઉ) (૧૦) હેમ વરણ (૧૧)

છઠઈ (૧૨) ભદ્દિલ ચરણ (૧૩) ।
ઈગસીઇ જસુ ગણહર (૧૪), પ્રભુનઇં ઈગ લખ મુણિવર (૧૫) ॥૩૧॥
[3]પિલંખહ ચેઈઅરુકખ (૧૬) છ અહિઅ સાહૂણી ઈગ લક્ખ (૧૭) ।
ચઉ લખ સહસ અઠાવન, સાવિઅ (૧૮) [4]પુણવસુ પારણ (૧૯) ॥૩૨॥
અંતર નવ કોડી સાયર (૨૦), શીતલ-સુવિધિ ગુણાયર ।
દુગ લખ સહસ નિવ્યાશી, સાવય (૨૧)
બંભ જખ ભાસી (૨૨) ॥૩૩॥ સેવઈ દેવી અશોગા (૨૩),
સંમેતઇ શિવ-જોગા. (૨૪) । દશમઉ શીતલ જિણવર,
વંછિત પૂરણ સુરતરૂ જે ॥૩૪॥

૧ બંને સાથલમાં, ૨ હંસ જેવું નિર્મળ, ૩ પ્લક્ષ નામનું ઝાડ, ૪ પ્રથમ પારણું કરાવનારનું નામ,

## કર્તા શ્રી સ્વરૂપચંદજી મ.

### (ઘોડી તો આઈ થારા દેસમાં મારુજી-એ દેશી)

શીતલ-જિનને સેવીયે ભવિ પ્રાણી,
[1]તાથેં બહુત સુખ હોય હો-મન માન્યો,
જિણંદ મેરે ! એહ ! હો ! સુખદાની,
બાર ભાંતકી નિર્જરા ભવિ. કરીકે [2]ભવ-તોય હો-મન૦ ॥૧॥

સાદિ- અનંત ભાંગે રહ્યો-ભવિ૦, જ્યોતિમયી ગત-દેહ હો-મન૦ ।
કેવલ-યુગ સુખ-વીર્યનો-ભવિ, અનંતપણાથી અ-છેહ હો-મન૦ ॥૨॥

જિનકે વચન સબહી સુનેં-ભવિ૦, ખીરોદધિ કે તરંગ હો-મન૦ ।
જ્યો પણિ ઘટ-જાલ લેઇકે-ભવિ૦, રાખેં નિજ-ઘટ-સંગ હો-મન૦ ॥૩॥

વરણા-વરણી જલ ભયો-ભવિ૦, સ્તવન ગ્રહે કોઈ નૂર હો-મન૦ ।
ત્યો વાણી જિન-મુખ વદી,-ભવિ૦, ધારેં સબ મત ચોર હો-મન૦ ।।૪।।
આપ-આપણા મત થાય કે-ભવિ૦, ન્યારે-ન્યારે કહે ભેદ હો-મન૦ ।
કરણી ન્યારી બતાય કે-ભવિ૦, નય ખટ ન્યારે વેદ હો-મન૦ ।।૫।।
અધરેઈ છત્ત સીધકો-ભવિ૦, જો ભૂલે નગરકો પંથ હો-મન૦ ।
ત્યાહિમેં જીવદયા છંડી-ભવિ૦, જો બરનત નિર્ગ્રંથ હો-મન૦ ।।૬।।
તાથેં જિન પદ પાઇઇં-ભવિ૦, દશમ જિણંદ કે ભક્ત હો-મન૦ ।
**સૌભાગ્યચંદ્ર** દયા ભખેં-ભવિ૦ **સ્વરૂપચંદ્ર** સુખ-યુક્ત હો-મન૦ ।।૭।।

---

૧. તેથી. ૨. સંસારરૂપ પાણી.

## કર્તા શ્રી જશવિજયજી મ.

### (જી હો વિમલ જિનેસર સુંદર-એ દેશી)

જી હો ! શ્રી શીતલ-જિન ભેટતાં, જી હો ! ઉલટ અંગે ન માય ।
જી હો ! રોમ-રોમ તનુ ઉલ્લસે, જી હો ! હિયડે હરખ ભરાય
જિનેસર ! ભેટ્યો ભલે તું આજ, મુજ સારો વંછિત કાજ-જિ૦।।૧।।
જી હો ! ધન વેલા ધન તે ઘડી, જી હો ! ધન મુજ જીવિત એહ ।
જી હો ! વિકસિત વદન રહે સદા, જી હો ! જયું બાપીયડા મેહ-જિ૦ ।।૨।।
જી હો ! આજ અપૂરવ દિન ભલો, જી હો ! નયણ નિરખ્યો નાથ ।
જી હો ! પરમ-પુરૂષ મેં પરખીયો, જી હો ! મલીયો શિવપુર-સાથ-જિ૦ ।।૩।।
જી હો ! જાગી ભાગ્ય દશા હવે, જી હો ! પ્રગટ્યો પુણ્ય-અંકૂર ।
જી હો ! ચિત્ત ચમકે તિમ માહરૂં, જી હો ! દેખી ચંદ ચકોર-જિ૦ ।।૪।।

જી હો ! પ્રભુ-દરિસણ લહી પ્રાણીયા, જી હો ! આલસ આણે રે જેહ।
જી હો ! તેહ પછે પસ્તાયશે, જી હો ! પંથ-ચીલે રહ્યો છેહ-જિં૦ ॥૫॥
જી હો ! ભદ્દિલપુર-નયરી-ધણી, જી હો ! દઢરથ-રાયનો નંદ।
જી હો ! માત નંદાએ જનમીયો, જી હો ! પ્રગટ્યો સુરતરૂ-કંદ-જિં૦ ॥૬॥
જી હો ! શ્રીવચ્છ-લંછન શોભતું, જી હો ! સોવન-વરણી કાય।
જી હો ! શ્રી ગુરૂ-**ખિમાવિજય** તણો, જીહો ! **જશ** પ્રણમે નિત પાય-જિં૦ ॥૭॥

## કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

શીતલ-જિન ! સોહામણો-મારા બાલુડા ! હુલરાવે નંદા-માય-મારા નાનડીયા।
રત્ન-સમોવડી તું અછે-મારા૦, દીઠે અમ સુખ થાય-મારા૦॥૧॥
મુખડે ચંદ હરાવિયો-મારા૦ બાલુડા, તેજે સૂરજ કોડી-મારા૦।
રૂપ અનોપમ તાહરૂં-મારા૦, અવર ન તાહરી જોડી-મારા૦॥૨॥
આંખડી કમલની પાંખડી- મારા૦, ચાલે હાર્યા હંસ-મારા૦।
તુજથી અમ સૌભાગીયા-મારા૦, પવિત્ર કર્યો અમ વંશ-મારા૦॥૩॥
જે ભાવે તે સુખડી-મારા૦, લિયો આપું ધરી નેહ-મારા૦।
ખોલામાંહી બેસીયે-મારા૦, તું અમ મનોરથ-મેહ-મારા૦॥૪॥
અમીય-સમાણે બોલડે-મારા૦, બોલે ચતુર-સુજાણ-મારા૦।
ભામણડે હું તાહરે-મારા૦, તું અમ જીવન-પ્રાણ-મારા૦॥૫॥
ખમા-ખમા મુખે ઉચરે-મારા૦, જીવો કોડિ-વરિસ-મારા૦।
**જ્ઞાનવિમલ**-જિન માવડી મારા૦ દિયે એમ નિય આશીષ-મારા૦ ॥૬॥

## કર્તા શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-ગોડી)

આજ મેં પુણ્ય-ઉદે પ્રભુ દીઠો। શીતલ ચિત્ત ભયો અબ મેરો,
પ્રશમ્યો મોહ [1]અંગીઠો-આજ૦॥૧॥

ઐસો રંગ લાગ્યો જિનજીસોં, જૈસો ચોલ મજીઠો।
ના જાનું કબ નૈનનકે પથ, હૃદયમેં આનંદ પઈઠો-આજ૦॥૨॥

સો નિજ-રૂપ મૈં આજ પિછાન્યો, જો અમૃતે મીઠો।
**ગુણવિલાસ** શીતલ જિન નિરખત, પાતક-પંક શું [2] નીઠો-આજ૦॥૩॥

૧ ભઠ્ઠ ૨ આવી રીતે દુર થયો

## કર્તા શ્રી જગજીવનજી મ.

### (કસીયાને કાંઈ તંબૂ-એ દેશી)

તું સુગણાકર સ્વામી ધનનામી, જિનવર સેવીયે રે-મ્હારા નાથજી,
સુખકર શીતલદેવ જિણંદ તુઝ ગુણનો હું રાગી,
સોભાગી જિનવર મારા નાથજી, જગપતિ ધ્યાનથી પરમાણંદ-તુઝ ગુણનો૦॥૧॥

ચઉ સંપત્તિનો ધારી નિરધારી, સંપતિ શિવ તણી હો મારા૦!
કેવલ કમલા વિમલાકંત, ભગતજનનો ભ્રાતા
સુદાતા જ્ઞાતા લોકને હો! મારા નાથજી!
તુઝ મુખ વલ્લભ શંકર સંત-તુઝ ગુણનો૦॥૨॥

અનંત ગુણી ગુણ-આગર, સાગર નાગર નેહશું હો-મ્હારા નાથજી!
ધ્યાનથી ધ્યાવેં પાવેં સીધ, ધ્યાતા ધ્યેયનો કારક,
ભયવારક, તારક ભવ તણો હો ! મ્હારા નાથજી !
નામથી પામે પ્રાણી નવનિધિ-તુઝ ગુણનો૦।।૩।।

તુઝ પદ પંકજ છંડી, મન મંડી વસથી મોહથી નેહો મ્હારા નાથજી !
દિલ ધર્યા લૌકિક દેવ દયાલ, વંછિત સુખ મન ભાવક,
વરદાયક લાયક લોકને હો ! મ્હારા નાથજી !
જિણે તુઝ વાણી જાણી રસાલ-તુઝ ગુણનો૦।।૪।।

અદ્ધા અનંતનો ફિરતા,
ભવ ધરતાં સાહિબ સાંભલ્યા હો ! મ્હારા નાથજી ! ।
તું પ્રભુ ભક્ત-વચ્છલ જિનરાજ, મુઝ મનવંછિત પૂરો,
અઘ ચૂરો જિનવર સ્વામીજી હો ! મ્હારા નાથજી૦ ! ।
જગ જસ સાધે વાધે જ્ઞાન-તુઝ ગુણનો૦।।૫।।

અનંત પ્રભુતા નીરખી,
મન હરખી, આગમ સાંનિધે હો ! મ્હારા નાથજી ! ।
મુઝ મનમોહન સોહન સ્વામી, ગણી **જગજીવન** ગાવે
સુખ પાવે, ભગતે ભાવતાં હો ! મ્હારા નાથજી ! ।
મુનિ-મનરંજન શીતલ નામ-તુઝ ગુણનો૦।।૬।।

## કર્તા શ્રી જિનહર્ષજી મ.

(રાગ-મારૂણી)

શીતલ લોયણા હો, જોવો શીતલનાથ ।
ભવ-દુઃખ તાપ મિટે સબી, થઈએ પ્રભુજી સ-નાથ-શીતલ૦॥૧॥
તુમ સમરથ સાહિબ છતાં હો !, હું તો ફીરૂં અનાથ ।
સેવક સુખ દેતા નથી, તો શી લહી તુમ [1]આથ-શીતલ૦॥૨॥
પોતાનો જાણી કરી હો ! ઘો મુજ પૂંઠે હાથ ।
કહે જિનહર્ષ મીલ્યો હવે, સાચો શિવપુર-સાથ-શીતલ૦॥૩॥

૧ આશરો

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

શીતલ-જિન મોહે પ્યારા ! સાહિબ ! શીતલ જિન મોહે પ્યારા ॥
ભુવન [1]વિરોચન પંકજ-લોચન, જિઉકે જિઉ હમારા- સાહિબ૦॥૧॥
જ્યોતિશું જ્યોત મિલત જબ ધ્યાવેં, હોવત નહિં તબ ન્યારા ।
બાંધી મુઠી ખુલે જબ માયા, મિટે મહા ભ્રમ-ભારા-સાહિબ૦॥૨॥
તુમ ન્યારે તબ સબહી ન્યારા, અંતર-કુટુંબ ઉદારા ।
તુમહી નજીક નજીક હૈ સબહી ઋદ્ધિ અનંત અપારા-સાહિબ૦॥૩॥
વિષય [2]લગનકી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ-ધારા ।
ભઈ મગનતા તુમ ગુણ-રસની, કુણ કંચણ ! કુણ દારા ! સાહિબ૦॥૪॥
શીતલતા ગુણ [3]હોર કરત તુમ, ચંદન કાષ્ઠ બિચારા ।
નામ હી તુમ તાપ હરત હૈ [4]વાકું ઘસત ઘસારા-સાહિબ૦॥૫॥

કરહુ કષ્ટ જન [illegible]હુત હમારે, [illegible]ધારા ।
જસ કહે જન[illegible] તુમ [illegible]રા-સાહિબ૦॥૬॥

૧ સૂર્ય ૨ તૃષ્ણા ૩ હોડ = બરાબરી ૪ તેને

# શ્રી શીતલનાથ જિન થોય

## કર્તા : શ્રી વીરવિજયજી કૃત થોય

શીતલ પ્રભુ દર્શન, શીતલ અંગ ઉવંગે;
કલ્યાણક પાંચે, પ્રાણી ગણ સુખ સંગે;
તવ[1] વચન સુણંતાં, શીતળ કિમ નહી લોકા;
શુભ **વીર** તે બ્રહ્મા, શાસનદેવી અશોકા...॥૧॥

૧. તમારા

## કર્તા : શ્રી પદ્મવિજયજી કૃત થોય

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી,
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી,
ભવિ શિવસુખ કામી, પ્રણમીએ શિશ નામી.



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી શીતલનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : દ્રઢરથરાજા | માતાનું નામ | : નંદામાતા |
| જન્મ સ્થળ | : ભદ્રીલપુરી | જન્મ નક્ષત્ર | : પુર્વાષાઢા |
| જન્મ રાશી | : ધન | આયુનું પ્રમાણ | : ૧ લાખ પુર્વ |
| શરીરનું માપ | : ૯૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ત્રણ માસ | દીક્ષા વૃક્ષ | : પ્રીયંગુવૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૮૧ | જ્ઞાન નગરી | : ભદ્રીલપુર |
| સાધુઓની સંખ્યા | : ૧૦૦૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૧૦૦૦૦૬ |
| શ્રાવકની સંખ્યા | : ૨૮૯૦ [illegible] | [illegible] | : ૮૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : બ્રહ્મ [illegible] | [illegible] | [illegible]શોકા દેવી |
| પ્રથમ ગણધરનું નામ | : નંદ [illegible] | [illegible] | : [illegible] |
| મોક્ષ આસન | : કાઉસગ્[illegible] | [illegible] | [illegible] ભવ |
| ચ્યવન કલ્યાણક | : ચૈત્ર વદિ ૬ | જન્મ કલ્યાણક | : પોષ વદિ ૧૨ |
| દીક્ષા કલ્યાણક | : પોષ વદિ ૧૨ | કેવલજ્ઞાન કલ્યાણક | : માગશર વદિ ૧૪ |
| મોક્ષ કલ્યાણક | : ચૈત્ર વદિ ૨ | મોક્ષ સ્થાન | : સમેતશીખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩